બઢતી માટે પસંદગી યાદીની દરખાસ્ત
ગુજરાત જાહેર સેવા આયોગને રજૂ
કરતી વેળા નિયત 'ચેકલીસ્ટ' માં
વધુ આઈટમનો ઉમેરો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ–એસએલટી–૧૦૮૮–૩૩૬૭–ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૧૬/૧/૦૬.

વંચાણે લીધોઃ– ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫–૮–૦૩ ના
પરિપત્ર ક્રમાંકઃએસએલટી–૧૦૮૮–૩૩૬૭–ગ.૨

## પ રિ પ ત્ર

સરકારના સામાન્ય વહીવટ વિભાગના વંચાણે હેઠળના તા.૨૫–૮–૦૩ ના પરિપત્રથી ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રાધિકારમાં આવતી જગાઓ ઉપર બઢતીઓ માટેની પસંદગીયાદી તૈયાર કરવા અંગેની આયોગને મોકલવામાં આવતી દરખાસ્તોમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી ચેકલીસ્ટનો નમૂનો નિયત કરવામાં આવેલ છે અને જે મુજબ જરૂરી દરખાસ્તો નિયત ચેકલીસ્ટમાં આયોગને રજુ કરવામાં આવે છે. આમ છતાં, બઢતીની આવી દરખાસ્તોની ચકાસણી વધુ સરળ અને ઝડપી બને તે હેતુથી હજી કેટલીક વિગતો ઉમેરવાની બાબત આયોગના પરામર્શમાં સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાનાં અંતે બઢતી માટે પસંદગી યાદીની દરખાસ્ત ગુજરાત જાહેર સેવા આયોગને રજુ કરવા સામાન્ય વહીવટ વિભાગના વંચાણ હેઠળના તા.૨૫–૮–૦૩ ના પરિપત્રથી નિયત થયેલ ૧૭ કોલમ પછી નીચે દર્શાવ્યા મુજબના વધુ પાંચ કોલમ અનુક્રમ નં.૧૮ થી ૨૨ તરીકે ઉમેરવાનો આથી નિર્ણય કરવામાં આવેલ છે.

૧૮. (અ) આ અગાઉ મળેલ ખાતાકીય બઢતી સમિતિની તારીખ.

(બ) તેમાં કયા પ્રકારના ક્રમથી કયા પ્રવરતાક્રમ સુધી વિચારણા થયેલ ?

(ક) આયોગને દરખાસ્ત કર્યા તારીખ.

(ડ) આયોગના અભિપ્રાય પત્ર નંબર અને તારીખ.

(ઈ) આ પસંદગી યાદીના બધા જ અધિકારીઓને બઢતી આપેલ છે ? હા/ના

છેલ્લા અધિકારીને આપેલ બઢતીના હુકમની તારીખ

P.T.O.

www.shixan.in

૧૯. (અ) સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ:

(બ) આયોગને માંગણીપત્રક મોકલાવેલ છે ? જો હા તો સરકારના પત્ર નંબર અને તારીખની વિગત આપવી. — હા/ના

(ક) જો માંગણીપત્રક મોકલાવેલ ન હોય તો તેના કારણો અને વિભાગ કક્ષાએથી સીધી ભરતીથી જગ્યા ભરવા માટે કરાયેલ કાર્યવાહીની વિગતો આપવી.

૨૦. પ્રસ્તુત દરખાસ્તમાં બઢતીથી ભરવા માટે જે જગ્યાઓ વિચારણામાં લીધેલ છે તેની વિગતો.

(અ) ખાલી જગ્યાની સંખ્યા, જગ્યાઓ ખાલી પડયાની તારીખ અને જગ્યા ખાલી પડવાનું કારણ ?

(બ) આગામી વર્ષમાં ખાલી પડનાર જગ્યાઓ કે જે બઢતી માટે વિચારણામાં લેવાયેલ હોય

(ક) કુલ જગ્યાઓ (અ) + (બ)

| | | | |
|---|---|---|---|
| ૨૧. બઢતી માટે અનુભવ ઉપરાંત સીધી ભરતી માટેની શૈક્ષણિક લાયકાતની જોગવાઈ હોય ત્યાં જો પ્રવરતાયાદીમાં શૈક્ષણિક લાયકાતની વિગતો દર્શાવેલ ન હોય તો વિચારણા હેઠળના અધિકારીઓની વિગત આપવી. | પ્રવરતાક્રમ | નામ | શૈક્ષણિક લાયકાત |

૨૨. ખાતાકીય બઢતી સમિતિએ યોગ્ય ગણેલ અધિકારીઓ પૈકી આયોગને દરખાસ્ત મોકલાવ્યા પહેલાં એડહોક બઢતી આપેલ છે ? — હા / ના

(અ) જો હા, તો એડહોક બઢતીના હુકમની નકલ સામેલ કરવી,

(બ) એડહોક બઢતી આપવામાં કોઈ સીનીયર સુપરસીડ થયેલ છે ? — હા/ના

www.shixan.in

૩. બઢતી અંગેની પસંદગીયાદી તૈયાર કરવા માટે આયોગના પરામર્શ અર્થે રજૂ કરવામાં આવતી દરખાસ્તમાં ઉપર ફકરા-૨ માં દર્શાવેલ કોલમ નં.૧૮ થી ૨૨ અંગેની વિગતો પણ અવશ્ય પૂરી પાડવા આથી સચિવાલયના તમામ વહીવટી વિભાગોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાજેશ એમ. રાવલ)
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
સચિવાલયના સર્વે વિભાગો(૧૦ નકલો સાથે)
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
વિશિષ્ટ ફાઈલ.

---

પત્ર દ્વારા.

www.shixan.in

નીચેની જગ્યાઓમાંથી ઉપરની જગ્યાએ બઢતી
આપવા માટેની પસંદગીયાદી તૈયાર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: એસએલટી-૧૦૭૭-યુઓ-૩૩૬૧-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૭/૧/૨૦૦૬.

વંચાણે લીધો:- સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૮-૭-૮૧ નો પરિપત્ર ક્રમાંક:-
એસએલટી-૧૦૭૭-યુઓ-૩૩૬૧-ગ.૨,

-: પ રિ પ ત્ર :-

રાજય સરકારની સેવાઓ/જગ્યાઓમાં નીચેની જગ્યાઓમાંથી ઉપરની જગ્યાએ બઢતી માટેની પસંદગીયાદી તૈયાર કરવા અંગે ઉપર વંચાણે લીધેલ તા.૨૮-૭-૧૯૮૧ ના પરિપત્રથી સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ પરિપત્રના ફકરા-૨ અને ૩ માં એવું જણાવવામાં આવેલ છે કે જે કિસ્સામાં વર્ષ દરમિયાન સરેરાશ ૩ કરતાં ઓછી જગ્યાઓ ખાલી પડવાનો સંભવ હોય તેવા કિસ્સાઓમાં નીચેની કેડરની પ્રવરતા પ્રમાણે નામો ગોઠવી બઢતી માટે તેમની પાત્રતા નકકી કરવા માટે વિચારણા કરવી, એટલે કે આ બાબતે બઢતી માટે લાયક કર્મચારીઓની પસંદગીયાદી બનાવવાની આવશ્યકતા રહેતી નથી.

૨. ઉકત બાબતે સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે એ સ્પષ્ટ કરવામાં આવે છે કે વર્ષ દરમિયાન ઉપલબ્ધ થતી ખાલી જગ્યા એક હોય તો પણ બઢતી માટેની યોગ્યતા ચકાસવા માટે ખાતાકીય બઢતી સમિતિની ભલામણો મેળવવી આવશ્યક છે. આથી બઢતીથી જગ્યા ભરવાના પ્રસંગે જગ્યાની સંખ્યા ધ્યાને ન લેતાં એક જગ્યા પર બઢતી આપવાની હોય તો પણ ખાતાકીય બઢતી સમિતિની ભલામણો મેળવ્યા પછી બઢતી માટેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૩. આ સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા સચિવાલયના તમામ વહીવટી વિભાગો, ખાતાના વડાઓ, કચેરીના વડાઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન. સોલંકી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

P.T.O.

www.shixan.in

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગોના સચિવશ્રીઓ / અગ્ર સચિવશ્રીઓ / અધિક મુખ્ય સચિવશ્રીઓ.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વીસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
તમામ ખાતાના વડા / કચેરીના વડા.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
વિશિષ્ટ ફાઈલ.

---

પત્ર ધ્વારા.

www.shixan.in

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ–એસએલટી–૧૦૨૦૦૫–૯૧૪–ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૨૦/૧/૨૦૦૬.

વંચાણે લીધોઃ– સરકારનો સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૩–૯–૮૧ નો ઠરાવ ક્રમાંકઃ–એસએલટી–૧૦૮૦–૮૯૫–ગ.૨

## પ રિ પ ત્ર

વંચાણ હેઠળના સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ–૨૩–૯–૮૧ ના ઠરાવના ફકરા–૨ ની જોગવાઈ અનુસાર બઢતી માટે વિચારણામાં આવતા કર્મચારીઓ/અધિકારીઓ પૈકી જે કર્મચારી/અધિકારી ફરજમોકુફી હેઠળ હોય, અથવા જેમની સામે શિસ્ત વિષયક કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય, એટલે કે જ્યાં આરોપનામું અને આક્ષેપોનું નિવેદન મોકલવામાં આવ્યા હોય, અથવા જેમની સામે શિસ્ત વિષયક કાર્યવાહી શરૂ કરવાનું વિચારાયું હોય, એટલે કે પ્રાથમિક તપાસને આધારે કે અન્યથા સત્તા ધરાવતા અધિકારી તેમની સામે શિસ્ત વિષયક કાર્યવાહી શરૂ કરવાનો નિર્ણય લીધો હોય, પરંતુ આરોપનામું કે આક્ષેપોનું નિવેદન મોકલવામાં આવ્યા ન હોય તેમના કિસ્સામાં ઉકત તા.૨૩–૯–૮૧ ના ઠરાવના ફકરા–૩ મુજબની કાર્યપધ્ધતિ અનુસરીને સમિતિએ કરેલ ભલામણો "મહોરબંધ કવર" માં રાખવાની થાય છે.

૨. સરકારશ્રીના વિવિધ વહીવટી વિભાગો ધ્વારા પસંદગી યાદીની દરખાસ્તો જ્યારે જાહેર સેવા આયોગના પરામર્શ અર્થે રજુ કરવામાં આવે છે ત્યારે આવી રીતે "મહોરબંધ કવર" માં રખાયેલ ભલામણોવાળા કિસ્સામાં સમિતિની ભલામણો "મહોરબંધ કવર" માં રાખવામાં આવેલ છે તેવી વિગતો રજુ કરવામાં આવતી હોય છે, અને પરિણામે જાહેર સેવા આયોગ ધ્વારા સંબંધિત અધિકારીની બઢતી માટે કોઈ અભિપ્રાય/સંમતિ આપવાની હોતી નથી. આથી આવા કિસ્સામાં જાહેર સેવા આયોગ ધ્વારા તેઓના ખાનગી અહેવાલ કે અન્ય બાબતો વિચારણામાં લીધા સિવાય ફકત સમિતિની ભલામણો "મહોરબંધ કવર" માં રાખવાની સરકારની દરખાસ્તને જ સંમતિ આપવામાં આવતી હોય છે. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩–૯–૮૧ ના ઠરાવની જોગવાઈ અનુસાર ખાતાકીય તપાસને અંતે તહોમતમાં છૂટકારો થયો હોય અથવા નિર્દોષ જાહેર થયેલ હોય તો ખાતાકીય બઢતી સમિતિની "મહોરબંધ કવર" માં રખાયેલ ભલામણોવાળું કવર ખોલીને સમિતિની ભલામણો જાણવામાં આવે છે અને જો ખાતાકીય બઢતી સમિતિએ બઢતી માટે 'યોગ્ય' ગણેલ હોય તો કેટલાક વિભાગો ધ્વારા બઢતી આપતા પહેલાં જાહેર સેવા આયોગનો પૂર્વ પરામર્શ કરવામાં આવે છે,

P.T.O.

www.shixan.in

અને આયોગના પરામર્શ બાદ બઢતી આપવામાં આવે છે. જ્યારે કેટલાક વિભાગો દ્વારા
બઢતી આપવામાં આવે છે અને ત્યારબાદ જાહેર સેવા આયોગનો પરામર્શ કરવામાં આવે છે,
અથવા તો આયોગનો પરામર્શ જ કરવામાં આવતો નથી, તેવી વિગતો સરકારશ્રીના ધ્યાન પર
આવેલ છે, જે ઉચિત નથી. જે કિસ્સામાં ખાતાકીય બઢતી સમિતિની ભલામણો "મહોરબંધ
કવર" માં રખાયેલ હોય તેવા કિસ્સામાં આયોગે કોઈ જ ભલામણ કરેલ ન હોવાથી આયોગનો
પરામર્શ આવશ્યક બને છે.

૩. આથી, પસંદગી યાદી તૈયાર કરતા સમયે જે કિસ્સામાં જાહેર સેવા આયોગે સમિતિની
ભલામણો "મહોરબંધ કવર" માં રાખવા સંમતિ દર્શાવેલ હોય તેવા કિસ્સામાં જ્યારે ખાતાકીય
તપાસ પૂરી થાય અને તહોમત છૂટકારો કે દોષમુક્ત થાય ત્યારે તેમના કિસ્સામાં "મહોરબંધ
કવર" ખોલી સમિતિની ભલામણો પરત્વે સક્ષમસત્તાની અનુમતિ મેળવી તેમના નામનો
સમાવેશ પસંદગીયાદીમાં કરવા સંબંધે આયોગનો પૂર્વ પરામર્શ અવશ્ય કરવામાં આવે તે જોવા
સચિવાલયના તમામ વહીવટી વિભાગોને આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન. સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
રાજ્યપાલશ્રીના ગૃહ નિયામકશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
સચિવાલયના સર્વે વિભાગોના સચિવશ્રીઓ / અગ્ર સચિવશ્રીઓ / અધિક મુખ્ય સચિવશ્રીઓ.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વીસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર,
તમામ ખાતાના વડા / કચેરીના વડા.
સર્વે કલેક્ટરશ્રીઓ,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
સિલેક્ટ ફાઈલ.

---

× પત્ર દ્વારા.

www.shixan.in

રાજય સરકારના ઈ–ગવર્નન્સની નીતિ અંગે
વર્ગ–૧ થી વર્ગ–૩ ના સીધી ભરતી, તેમજ
બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું
ફરજિયાત બનાવવા અંગે.

સી.સી.સી. લેવલ સમકક્ષ અભ્યાસક્રમ
જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ–પરચ–૧૦૨૦૦૩–૬૭૨(૧)–ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૧/૯/૨૦૦૬.

વંચાણમાં લીધાઃ– (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪–૬–૨૦૦૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

ઠ રા વઃ–

રાજય સરકાર હેઠળની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો તથા રોજગાર અને તાલીમ ખાતુ, ગુજરાત રાજય દ્વારા માન્ય કરવામાં આવેલ સ્વનિર્ભર સંસ્થાઓમાંથી મેળવેલ હોય તેવા અભ્યાસક્રમોને સી.સી.સી. સમકક્ષ અભ્યાસક્રમ તરીકે તા.૨૪–૬–૨૦૦૫ ના વંચાણમાં લીધેલા ઠરાવ સાથેના સામેલ પરિશિષ્ટ મુજબ જાહેર કરવામાં આવેલ છે.

વંચાણમાં લીધેલા તા.૨૪–૬–૨૦૦૫ ના ઠરાવ સાથેના પરિશિષ્ટના ક્રમાંકઃ૮ માં દર્શાવવામાં આવેલ ડેટા એન્ટ્રી ઓપરેટરના અભ્યાસક્રમ અંગે દર્શાવેલ વિગતોના બદલે નીચે મુજબની અભ્યાસક્રમની સુધારેલ વિગતો ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| No. | Name of course | Duration | Scheme |
|---|---|---|---|
| 8 | Data Entry Operator | 3 Months | SCVT |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન.સોલંકી),
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

P.T.O.

www.shixan.in

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
સચિવાલયના તમામ વિભાગો
સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડા.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ / અધિકારીઓ.
<u>સીલેક્ટ ફાઈલ–ગ.૨ શાખા.</u>
× પત્ર ધ્વારા.

www.shixan.in

સચિવાલયના વિભાગો તેમજ તાબાની તમામ
કચેરીઓ માટે આવતા દસ વર્ષને લક્ષમાં
લઈને મેનપાવર પ્લાનિંગ સમિતિની રચના
કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૫-૨૧૮૯-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨-૨-૨૦૦૭.

વંચાણે લીધોઃ- (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૩/૧૨/૦૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૩/૦૮/૦૬ નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૯/૧૦/૦૬ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

ઠ રા વઃ-

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૧) સામે દર્શાવેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૧૨-૦૫ ના ઠરાવથી મેનપાવર પ્લાનિંગ સમિતિની રચના કરવામાં આવેલ છે અને ક્રમાંકઃ (૨) અને (૩)ના ઠરાવોથી આ સમિતિની મુદત વખતોવખત લંબાવવાના હુકમો કરવામાં આવેલ છે. સમિતિની કામગીરી અર્થે સમિતિના અધ્યક્ષશ્રી અને બીનસરકારી સભ્યોને રાજ્યની અન્ય કચેરીઓમાં જવા માટે મુસાફરી કરવાના પ્રસંગે તેમને નાણાં વિભાગના તા.૧૮-૨-૧૯૮૨ ના પરિપત્ર નં.એમએસબી/૧૦૮૨/૨૯૮ જેની સુચનાઓ પ્રમાણે વર્ગ-૧ ના અધિકારી જે દરે મુસાફરી ભથ્થું મળવાપાત્ર હોય તે દરે મુસાફરી ભથ્થુ મળવાપાત્ર થશે. સમિતિના સરકારી સભ્યોને ગુજરાત મુલ્કી સેવા —— નિયમો-૨૦૦૨ ની પ્રવર્તમાન જોગવાઈ મુજબ ટી.એ./ડી.એ. મળવાપાત્ર થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન. સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સમિતિના તમામ સભ્યશ્રીઓ.
- × સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- × સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- × સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- × રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- × સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- × સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- × સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવાલયના તમામ વિભાગોના સચિવશ્રીઓ.
- સર્વે ખાતાના વડાઓ.
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.
- <u>પસંદગીની ફાઈલ-ગ.૨ શાખા.</u>
- × પત્ર ધ્વારા.

www.shixan.in

સેવા/મહેકમ/શિસ્ત વિષયક બાબતોમાં કેસો
માર્ક કરવાનો રાહ(channel of submission)
નક્કી કરવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:સીઓએસ-૧૦૨૦૦૫-૫૧૬-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૦/૪/૨૦૦૬.

<u>વંચાણે લીધા:-</u>

(૧) સા.વ.વિ.નો તા.૨૩-૧૨-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક:-સીઓએસ-૧૦૨૦૦૫-૫૧૬-ગ.૨,

-: ઠ રા વ :-

સેવા/મહેકમ/શિસ્ત વિષયક બાબતોમાં કેસોની રજૂઆતનો રાહ ઉપર વંચાણે લીધેલા સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૧૨-૨૦૦૫ ના ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ અને ૨ મુજબ નિયત કરવામાં આવેલ છે. ઉકત ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ ના અનુક્રમ ૬(ખ), તથા અનુક્રમ-૭ અને પરિશિષ્ટ-૨ ના અનુક્રમ-૨(ક) અને (ખ) થી કેસો રજૂ કરવા માટે "રજૂઆતનો રાહ" (channel of submission) નિયત કરવામાં આવેલ છે. તેના સ્થાને હવે આ સાથેના પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ માં જણાવવામાં આવેલ ફેરફારયુકત "રજૂઆતનો રાહ" આથી નિયત કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન. સોલંકી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

બિડાણ:- પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
- સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
- સચિવાલયના તમામ વિભાગો( ૫ નકલો )
- સા.વ.વિ.ની તમામ શાખાઓ / અધિકારીઓ,
- સીલેકટ ફાઈલ/ગ.૨ શાખા.



www.shixan.in

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૪-૦૬ ના ઠરાવ ક્રમાંકઃ-સીઓએસ-૧૦૨૦૦૫-૫૧૬-ગ.૨ નું બિડાણ.

પ રિ શિ ષ્ટ :- ૧

| અનુક્રમ | વિષય | રૂ.૧૬,૦૦૦-૨૦૦૫૦ કે તેથી ઉપરનાં પગાર ધોરણમાં પગાર મેળવતાં અધિકારીઓને લગતી બાબતો | વર્ગ-૧ ના અન્ય અધિકારીઓને લગતી અન્ય બાબતો. | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨. | ૩. | ૪. | ૫. |
| ૬.(ખ)(૧) | કર્મચારી/અધિકારીની ૫૦/૫૫ વર્ષે સમીક્ષા સમિતિની ભલામણ અન્વયે સેવામાં ચાલુ રાખવાના કેસો. (જ્યારે કર્મચારીની ખાતાકીય તપાસ/ફોજદારી કેસ ચાલુ ન હોય કે તેના ખાનગી અહેવાલમાં વિરુધ્ધ નોંધ ન હોય) | ૧. વિભાગના સચિવશ્રી<br>૨. અધિક મુખ્ય સચિવ(ક.ગ.), સા.વ.વિભાગ,<br>૩. મંત્રીશ્રી. | ૧. વિભાગના સચિવશ્રી<br>૨. અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સા.વ.વિભાગ.<br>૩. મંત્રીશ્રી. | |
| ૬.(ખ)(૨) | ૫૦/૫૫ વર્ષે સમીક્ષા- અપરિપક્વ નિવૃત્તિ/સેવામાં ચાલુ રાખવાના કેસો- કે જેમાં અધિકારીને ૫૦/૫૫ વર્ષની વયે સમીક્ષા બાદ નિવૃત્ત કરવાની વિચારણા કરેલ હોય, અથવા અધિકારીને ૫૦/૫૫ વર્ષની વયે સમીક્ષા દરમ્યાન ખાતાકીય તપાસ / ફોજદારી કેસ પડતર હોય, અથવા તેના ખાનગી અહેવાલમાં વિરુધ્ધ નોંધ હોય, છતાં સમિતિએ સમીક્ષા પછી સેવામાં ચાલુ રાખવાની વિચારણા કરેલ હોય તેવી બાબતો. | ૧. વિભાગના સચિવશ્રી,<br>૨. અ.મુ.સ.(ક.ગ.), સા.વ.વિભાગ,<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી,<br>૫. માન.મુખ્યમંત્રીશ્રી. | ૧. વિભાગના સચિવશ્રી,<br>૨. અ.મુ.સ.(ક.ગ.), સા.વ.વિભાગ,<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી,<br>૫. માન.મુખ્યમંત્રીશ્રી. | |
| ૭.(ક) | પુનઃનિયુક્તિ/સેવા વૃદ્ધિ બાબતના કેસો. | ૧. વિભાગના સચિવશ્રી,<br>૨. અ.મુ.સ.(ક.ગ.), સા.વ.વિભાગ,<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી,<br>૫. મુખ્યમંત્રીશ્રી. | ૧. વિભાગના સચિવશ્રી,<br>૨. અ.મુ.સ.(ક.ગ.), સા.વ.વિભાગ,<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી,<br>૫. મુખ્યમંત્રીશ્રી. | |



www.shixan.in

| અનુક્રમ | વિષય | રૂ.૧૬,૦૦૦-૨૦૦૫૦ કે તેથી ઉપરનાં પગાર ધોરણમાં પગાર મેળવતાં અધિકારીઓને લગતી બાબતો | વર્ગ-૧ ના અન્ય અધિકારીઓને લગતી અન્ય બાબતો. | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨. | ૩. | ૪. | ૫. |
| ૭(ખ) | <u>કરારના ધોરણે નિમણૂંકના કેસો-</u><br>આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના ડોકટરો અને તબીબી શિક્ષણ સાથે સંકળાયેલ અધિકારીઓની ૧ વર્ષ માટે નિમણૂંકો. | ૧. અગ્ર સચિવશ્રી, આ. અને પ.ક.વિભાગ.<br>૨. અ.મુ.સ.(ક.ગ.), સા.વ.વિભાગ,<br>૩. મંત્રીશ્રી(આરોગ્ય) | ૧. અગ્ર સચિવશ્રી, આ. અને પ.ક.વિભાગ.<br>૨. અ.મુ.સ.(ક.ગ.), સા.વ.વિભાગ,<br>૩. મંત્રીશ્રી(આરોગ્ય) | |
| ૭(ગ) | <u>કરારના ધોરણે નિમણૂંકના કેસો.</u><br>ઉપર ૭(ખ)માં દર્શાવ્યા સિવાયના તમામ કિસ્સાઓ. | ૧. વિભાગના સચિવશ્રી,<br>૨. અ.મુ.સ.(ક.ગ.), સા.વ.વિભાગ,<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી,<br>૫. મુખ્યમંત્રીશ્રી. | ૧. વિભાગના સચિવશ્રી,<br>૨. અ.મુ.સ.(ક.ગ.), સા.વ.વિભાગ,<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી,<br>૫. મુખ્યમંત્રીશ્રી. | |

(આઈ.એન. સોલંકી)
નાયબ સચિવશ્રી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.



www.shixan.in

## સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૪/૦૬ ના ઠરાવ ક્રમાંકઃ સીઓએસ–૧૦૨૦૦૫–૫૧૬–ગ.૨ નું બિડાણ.

**પરિશિષ્ટ–૨**

**શિસ્ત વિષયક બાબતોમાં કેસો રજૂ કરવાનો રાહ.**

| ક્રમાંક | વિષય | રૂ.૧૬૦૦૦/– થી ૨૦૦૫૦/– કે ઉપરના પગારધોરણમાં પગાર મેળવતા અધિકારીઓની બાબત. | વર્ગ–૧ કક્ષાના અન્ય અધિકારીઓની બાબત. | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૨. | તકેદારી આયોગની ભલામણ અન્વયે કે તે સિવાય<br>(ક) નાની કે મોટી શિક્ષા માટે ખાતાકીય તપાસ(નિવૃત્ત અધિકારી સહિત) શરૂ કરવાનો નિર્ણય, | | | |
| | (૧) જ્યારે દરખાસ્ત અંગે વહીવટી વિભાગ/ સામાન્ય વહીવટ વિભાગ અને સંબંધિત મંત્રીશ્રીનાં અભિપ્રાયમાં કોઈપણ ભિન્નતા ન હોય ત્યારે, | ૧. વિભાગનાં સચિવશ્રી.<br>૨.અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સા.વ.વિ.<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી.<br>૫. મુખ્યમંત્રીશ્રી. | ૧. વિભાગનાં સચિવશ્રી.<br>૨. અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સા.વ.વિ.<br>૩. મંત્રીશ્રી. | |
| | (૨) જ્યારે દરખાસ્ત અંગે વહીવટી વિભાગ/ સામાન્ય વહીવટ વિભાગ અને સંબંધિત મંત્રીશ્રીનાં અભિપ્રાયમાં કોઈપણ ભિન્નતા હોય ત્યારે, | ૧. વિભાગનાં સચિવશ્રી.<br>૨. અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સા.વ.વિ.<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી.<br>૫. મુખ્યમંત્રીશ્રી. | ૧. વિભાગનાં સચિવશ્રી.<br>૨.અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સા.વ.વિ.<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી.<br>૫. મુખ્યમંત્રીશ્રી. | |



www.shixan.in

| | | | | |
|---|---|---|---|---|
| | (ખ) ફોજદારી કાર્યવાહી કરવાના નિર્ણય અંગેના કેસો.<br>(૧) જ્યારે દરખાસ્ત અંગે વહીવટી વિભાગ/ સામાન્ય વહીવટ વિભાગ અને સંબંધિત મંત્રીશ્રીનાં અભિપ્રાયમાં કોઈપણ ભિન્નતા ન હોય ત્યારે, | ૧. વિભાગનાં સચિવશ્રી.<br>૨. અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સા.વ.વિ.<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી.<br>૫. મુખ્યમંત્રીશ્રી. | ૧. વિભાગનાં સચિવશ્રી.<br>૨. અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સા.વ.વિ<br>૩. મંત્રીશ્રી. | |
| | (૨) જ્યારે દરખાસ્ત અંગે વહીવટી વિભાગ/સામાન્ય વહીવટ વિભાગ અને સંબંધિત મંત્રીશ્રીનાં અભિપ્રાયમાં કોઈપણ ભિન્નતા હોય ત્યારે, | ૧. વિભાગનાં સચિવશ્રી.<br>૨. અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સા.વ.વિ.<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી.<br>૫. મુખ્યમંત્રીશ્રી. | ૧. વિભાગનાં સચિવશ્રી.<br>૨. અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સા.વ.વિ.<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી.<br>૫. મુખ્યમંત્રીશ્રી. | |

( આઈ.એન. સોલંકી )
નાયબ સચિવશ્રી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.



www.shixan.in

સરકારી કર્મચારીઓ/અધિકારીઓ ધ્વારા કેન્દ્ર કે રાજય સરકારમાં કે તેની હસ્તકની કોઈપણ કચેરીમાં તેઓએ અગાઉ બજાવેલ સેવાને વર્તમાન સેવા સાથે રજા અને પેન્શનના હેતુ માટે જોડવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ–એફઓએ–૧૦૯૨–પુઓ–૩૦૭–ગ.૨(ભાગ–૧)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૨૫/૪/'૦૬.

વંચાણમાં લીધોઃ– (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪–૨–૯૩ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

–: ઠ રા વ :–

ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા અથવા કેન્દ્રીય ભરતી યોજના અથવા અન્ય માન્ય પધ્ધતિ ધ્વારા પસંદ કરાયેલા ઉમેદવારોને તે પૂર્વે કરેલી સેવાનો લાભ આપવા અંગેની જોગવાઈ ઉપર વંચાણમાં લીધેલા તા.૨૪–૨–૯૩ ના ઠરાવથી કરવામાં આવી છે. ઉકત ઠરાવમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે કે, સરકારી કર્મચારી હાલમાં જે સેવામાં હોય તે અગાઉ રાજયની કોઈપણ ખાતા/કચેરીમાં કોઈપણ સેવા, સંવર્ગ કે જગા પર ફરજ બજાવેલ હોય ત્યારે અગાઉ બજાવેલ સેવાને હાલની સેવા સાથે જોડી આપવાની રહે છે. ટૂંકમાં સરકારી કર્મચારી તરીકે હાલની સેવા અને અગાઉ બજાવેલ સેવા એ બંને સેવાઓ રાજય સરકાર હેઠળની સરકારી કર્મચારી તરીકેની સેવાઓ હોય તો જ આવી સેવાઓ જોડી આપવાની રહે છે. પરંતુ અનુભવે એવું જણાયું છે કે રાજય સરકાર હસ્તકના બોર્ડ/નિગમો કે સ્વાયત્ત સંસ્થાઓમાં બજાવેલ સેવાઓ હાલની રાજય સેવા હેઠળની સેવા સાથે જોડી આપવા દરખાસ્ત કરવામાં આવે છે. પરિણામે કામગીરીમાં બિનજરૂરી વધારો થાય છે. આથી આ સંદર્ભે સ્પષ્ટતા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે આથી સ્પષ્ટ કરવામાં આવે છે કે જો સરકારી કર્મચારીની હાલની સેવા અને અગાઉ બજાવેલ સેવા એ બંને સેવાઓ રાજય સરકાર હેઠળની સરકારી કર્મચારી તરીકેની સેવાઓ હોય તો જ આવી સેવાઓ જોડી આપવાની રહે છે. હાલની સરકારી સેવામાં જોડાતાં અગાઉ જો કોઈ કર્મચારીએ બોર્ડ/નિગમોમાં ફરજો બજાવેલ હોય તો આવી બોર્ડ/નિગમમાંની સેવાઓ રાજય સેવાની હાલની સેવા સાથે અથવા તો જો કોઈ કર્મચારી રાજય સેવામાંથી બોર્ડ/નિગમમાં જોડાય તો આવા કર્મચારીની રાજય સેવા હેઠળની

P.T.O.

www.shixan.in

સરકારી કર્મચારી તરીકેની સેવાઓ બોર્ડ/નિગમની સેવાઓ સાથે કોઈપણ હેતુ માટે જોડી આપવાની રહેતી નથી. જયારે સરકારી કર્મચારી રાજય સેવામાંથી બોર્ડ/કોર્પોરેશનમાં પસંદગી પામે તો તેઓ રાજય સરકારની સેવામાંથી છૂટા થતાં રાજય સરકારમાં તેમનો કોઈ લિયન (lien) રહેશે નહિ.

૩. કેન્દ્ર સરકાર હેઠળની અથવા અન્ય રાજય સરકાર હેઠળની સેવાઓ જોડવા અંગે નાણાં વિભાગનો અને રાજય સરકાર હેઠળની શૈક્ષણિક સંસ્થાઓમાં બજાવેલ સેવાઓ જોડી આપવા અંગે નાણાં વિભાગ તેમજ શિક્ષણ વિભાગના પરામર્શમાં કાર્યવાહી કરવાની રહેશે.

૪. આથી સચિવાલયના તમામ વિભાગો/ખાતા-કચેરીઓને સુચના આપવામાં આવે છે કે બોર્ડ/નિગમોમાં બજાવેલ સેવાઓને રાજય સેવા સાથે જોડી આપવા માટેની દરખાસ્તો સામાન્ય વહીવટ વિભાગને તથા નાણાં વિભાગને પરામર્શ માટે રજુ નહી કરતાં આવી દરખાસ્તો ઉપરોકત સ્પષ્ટતા ધ્યાને લઈ વિભાગ કક્ષાએ જ ચકાસણીના અંતે દફતરે કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન.સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજયપાલશ્રીના સચિવશ્રી.
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
તમામ ખાતાના વડાઓ.
તમામ માન્ય મંડળો.
વિશિષ્ટ ફાઈલ.

---

પત્ર ધ્વારા.

www.shixan.in

વર્ગ-૪ ની જગાઓ મંજુર કરવા,
ભરતી, બદલી, પ્રવરતા વિગેરે
મહેકમ વિષયક બાબતોની સૂચનાઓ.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર/૧૦૨૦૦૪/૧૬૧૯/ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૩/૫/૨૦૦૬.

વંચાણમાં લીધાઃ- સામાન્ય વહીવટ વિભાગની તા.૧૬-૩-૦૫ ની અધિસૂચના ક્રમાંકઃ-જીએસ/૪/૨૦૦૫/સીઆરઆર/૧૦૨૦૦૪/૧૬૧૯/ગ.૨,

ઠ રા વઃ-

વંચાણમાં લીધેલ સામાન્ય વહીવટ વિભાગની તા.૧૬-૩-૦૫ ની અધિસુચનાથી વર્ગ-૪ ની વિવિધ નામાભિધાનવાળી તમામ જગાઓના ભરતી નિયમો રદ કરીને વર્ગ-૪ ના નામાભિધાન હેઠળ ભરતી નિયમો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. તા.૧૬-૩-૦૫ ની અધિસુચનાથી પ્રસિધ્ધ થયેલા ભરતી નિયમોની જોગવાઈઓને લક્ષમાં લઈને, આ અધિસુચનાના અમલીકરણ માટે વહીવટી સુચનાઓ પ્રસિધ્ધ કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે તા.૧૬-૩-૦૫ થી પ્રસિધ્ધ થયેલા ભરતી નિયમોનો અમલ નીચે મુજબની સૂચનાઓ લક્ષમાં લઈને સંબંધિત તમામે આથી કરવાનો રહેશે.

૧. વર્ગ-૪ ની જગાઓ મંજુર કરવા બાબતઃ-

હાલ વર્ગ-૪- ઉતરતા દરજજાની કોઈપણ નામાભિધાનવાળી અને કોઈપણ પગાર ધોરણની ખાલી જગાઓ હોય તેવી તમામ જગાઓ તથા નવી વર્ગ-૪ ની જગાઓ જે મંજુર કરવામાં આવે તે તથા ભવિષ્યમાં ખાલી પડનાર જગાઓ સહિતની તમામ જગાઓ હવે રૂા.૨૫૫૦-૩૨૦૦ ના પગાર ધોરણમાં વર્ગ-૪ ની જગા તરીકે જ મંજૂર કરવાની રહેશે. અન્ય કોઈપણ નામાભિધાન હેઠળ વર્ગ-૪ ની જગા મંજુર કરવાની રહેશે નહી.

વર્ગ-૪ ની હાલ ભરેલી જગાઓ તેના જે તે પગાર ધોરણ મુજબ જ મંજૂર કરવાની રહેશે.

૨. જોબ-ચાર્ટ નકકી કરવા બાબતઃ-

સામાન્ય વહીવટ વિભાગની તા.૧૬-૩-૦૫ ની અધિસૂચનાથી જે ભરતી નિયમો પ્રસિધ્ધ થયા છે. તે હેઠળ જે નવી ભરતી કરવામાં આવે એટલે કે તા.૧૬-૩-૦૫ થી જે નવી નિમણૂંકો કરવામાં આવી હોય, તેવા તમામ કર્મચારીઓના જોબ-ચાર્ટ જે તે કચેરીના વડાએ વખતોવખત કચેરીની કામગીરીને લક્ષમાં લઈને નકકી કરવાના રહેશે. પરંતુ હાલના જે કર્મચારીઓ છે તેમના હોદાના નામાભિધાન યથાવત રાખવાના રહેશે અને હાલના કર્મચારીઓનો જે જોબ-ચાર્ટ નકકી કરવામાં આવેલ છે તે યથાવત રાખવાનો રહેશે. તેમ છતાં જગાના અભાવે કે કોઈ અન્ય કારણોસર હાલના આ કર્મચારીને અન્ય કોઈ વર્ગ-૪ ની જગામાં સમાવી શકાશે અને તેને નવી જગાની ફરજો સોંપી શકાશે. હાલના કર્મચારીની જગા હોય, પરંતુ તે જગાની કામગીરી ન હોય તો તેવા સંજોગોમાં હાલના કર્મચારી પાસેથી વર્ગ-૪ ને સંબંધિત અન્ય જગાની કામગીરી લઈ શકાશે, કચેરીના વડા આ બાબતે સક્ષમ સત્તા ગણાશે.

૩. બદલીઓ બાબતઃ-

નવા ભરતી નિયમો હેઠળ જે કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવશે તેઓ સમગ્ર રાજયમાં કોઈપણ સ્થળે અને કોઈપણ કચેરીમાં બદલીને પાત્ર ગણાશે. તેમ છતાં સામાન્ય સંજોગોમાં વર્ગ-૪ ના કર્મચારીની બદલીઓ કરવાની રહેશે નહીં. આવા કર્મચારીઓની બદલી વહીવટી કે જાહેર હિતમાં કરવામાં આવે ત્યારે નવા ખાતા/કચેરીમાં જતાં આવા કર્મચારીઓને તેમની મૂળ નિમણૂંક તારીખને લક્ષમાં લઈને પ્રવરતા ગણવાપાત્ર થશે.

/૨/

www.shixan.in

પરંતુ કર્મચારીની સ્વ વિનંતીથી જો બદલી કરવામાં આવે તો તેવા સંજોગોમાં નવા ખાતા / કચેરીમાં નવી બદલીવાળી જગા ઉપર જે તારીખે હાજર થશે તે તારીખથી પ્રવરતા મળવાપાત્ર થશે.

હાલના વર્ગ–૪ ના કર્મચારીઓની બદલીઓ સામાન્ય રીતે કરવાની રહેશે નહી. પરંતુ જગાના અભાવે કે જે તે જગાની કામગીરી ન હોવાના કારણે કે અન્ય કારણોસર હાલના કર્મચારીઓની બદલી વર્ગ–૪ ની અન્ય જગા ઉપર કરી શકાશે.

બદલીઓ કોણ કરી શકશે ?

(૧) એક જ ખાતામાં જીલ્લાની એક કચેરીમાંથી બીજી કચેરીમાં વર્ગ–૪ ની બદલી કરવા માટે જીલ્લા કક્ષાના વડા સક્ષમ સત્તા ગણાશે.

(૨) એક જ ખાતામાં એક જીલ્લામાંથી બીજા જીલ્લામાં બદલી કરવા માટે ખાતાના વડા સક્ષમ સત્તા ગણાશે.

(૩) એક જ વહીવટી વિભાગ હેઠળના એક ખાતામાંથી બીજા ખાતામાં બદલી કરવા માટે સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગના સચિવશ્રી સક્ષમ સત્તા ગણાશે.

(૪) એક વહીવટી વિભાગ હેઠળના ખાતામાંથી બીજા વહીવટી વિભાગ હેઠળના ખાતામાં બદલી કરવા માટે સામાન્ય વહીવટ વિભાગના સચિવશ્રી સક્ષમ સત્તા ગણાશે.

(૫) સચિવાલયના વહીવટી વિભાગના તમામ વર્ગ–૪ ની નિમણૂંક બદલી, બઢતી, પ્રવરતા સહિતની મહેકમ વિષયક કાર્યવાહી સામાન્ય વહીવટ વિભાગ(ખ.ઉ શાખા) દ્વારા કરવાની રહેશે.

(૬) સચિવાલયના વહીવટી વિભાગના વર્ગ–૪ ના કર્મચારીની બદલી ખાતાના વડા / જીલ્લા / તાલુકા કક્ષાની કચેરીમાં કરવા માટે કે ખાતાના વડા / જીલ્લા / તાલુકા કક્ષાના વર્ગ–૪ ના કર્મચારીની બદલી સચિવાલયના વહીવટી વિભાગમાં કરવા માટે સામાન્ય વહીવટ વિભાગના સચિવશ્રી સક્ષમ સત્તા ગણાશે. આ કામગીરી સામાન્ય વહીવટ વિભાગની ખ.ઉ શાખાએ કરવાની રહેશે.

૪. વર્ગ–૪ ની ભરતી તથા પ્રવરતાયાદી બનાવવા બાબતઃ–

(૧) સચિવાલયના વહીવટી વિભાગોમાં વર્ગ–૪ ની જગા ઉપરની ભરતી સામાન્ય વહીવટ વિભાગ(ખ.ઉ શાખા)એ સમિતિ નીમીને કરવાની રહેશે.

(૨) ખાતાના વડાએ ખાતાના વડાની કચેરી તથા તેમના તાબા હેઠળની કચેરીઓ માટે વર્ગ–૪ ની ભરતી કરવાની રહેશે. પ્રાદેશિક / જીલ્લા / તાલુકા કક્ષાના કોઈ અધિકારીએ વર્ગ–૪ ની ભરતીઓ કરવાની રહેશે નહી.

(૩) સચિવાલયના વહીવટી વિભાગોમાં ફરજ બજાવતા વર્ગ–૪ ના કર્મચારીઓની પ્રવરતાયાદી સા.વ.વિભાગ(ખ.ઉ શાખા)એ તૈયાર કરવાની રહેશે.

(૪) દરેક ખાતાના વડાએ તેમના તાબાના તમામ વર્ગ–૪ ના કર્મચારીઓની એક જ પ્રવરતાયાદી બનાવવાની રહેશે.

(૫) હાલ વર્ગ–૪ માં નીચે જણાવ્યા મુજબ જુદા જુદા પગાર ધોરણની અલગ અલગ નામાભિધાન હેઠળની જગાઓ છે.

(ક) રૂા.૨૫૫૦–૩૨૦૦

(ખ) રૂા.૨૬૧૦–૩૫૪૦

(ગ) રૂા.૨૬૫૦–૪૦૦૦

(ઘ) રૂા.૨૭૫૦–૪૪૦૦

હવે રૂા.૨૭૫૦–૪૪૦૦ ના પગાર ધોરણની અલગ અલગ નામાભિધાનવાળી જગાની પ્રવરતા સંબંધિત ખાતાના વડાએ / સામાન્ય વહીવટ વિભાગએ જે તે કર્મચારીની નિમણૂંક તારીખને ધ્યાને લઈને ગોઠવવાની રહેશે. તે જ પ્રમાણે સંબંધિત ખાતાના વડાએ/સામાન્ય વહીવટ વિભાગે રૂા.૨૬૫૦–૪૦૦૦, રૂા.૨૬૧૦–૩૫૪૦ અને રૂા. ૨૫૫૦– ૩૨૦૦ ના પગાર ધોરણની પ્રવરતા તૈયાર કરવાની રહેશે. ત્યારબાદ આ મુજબ પગાર ધોરણ

/3/

www.shixan.in

પ્રમાણે તૈયાર કરવામાં આવેલ પ્રવરતાયાદીમાંથી સંયુકત એક જ પ્રવરતાયાદી બનાવવા માટે રૂા.૨૭૫૦–૪૪૦૦ ની ઉપર મુજબ ગોઠવેલી પ્રવરતા બાદ, રૂા.૨૬૫૦–૪૦૦૦ ની પ્રવરતા, ત્યારબાદ રૂા.૨૬૧૦–૩૫૪૦ તથા ત્યારબાદ રૂા.૨૫૫૦–૩૨૦૦ ની ઉપર મુજબ ગોઠવેલી પ્રવરતાયાદી ગોઠવીને સંબંધિત ખાતાના વડાએ/સામાન્ય વહીવટ વિભાગે વર્ગ–૪ ની સંકલિત એક જ પ્રવરતાયાદી તૈયાર કરવાની રહેશે.

એક જ પગાર ધોરણમાં એક જ તારીખે નિમણૂંક થયેલ હોય તેવા કિસ્સામાં જેની વય વધુ હોય તેને સીનીયર ગણવાનો રહેશે.

ઉચ્ચતર પગાર ધોરણ મેળવતા કર્મચારીના મૂળ પગારધોરણને લક્ષમાં લઈને પ્રવરતા ગોઠવવાની રહેશે.

૫. વર્ગ–૪ ના કર્મચારીને બઢતી આપવા બાબત તથા ઉ.પ.ધો. મંજૂર કરવા બાબત

(૧) હાલ વર્ગ–૪ ના જે કર્મચારીઓ છે તે બાબતે ઉ.પ.ધો.ની યોજના બાબતે નાણાં વિભાગ દ્વારા અલગ રીતે વિચારણા કરવામાં આવશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગની તા.૧૬–૩–૨૦૦૫ ની અધિસુચનાથી હાલના જુદા જુદા નામાભિધાન હેઠળની જુદા જુદા પગાર ધોરણની તમામ જગાના ભરતી નિયમો રદ કરવામાં આવ્યા છે અને વર્ગ–૪ ના નામાભિધાન હેઠળ એક જ સંવર્ગ બનાવી તે મુજબ ભરતી નિયમો બનાવવામાં આવ્યા છે. આથી,

(૧) વર્ગ–૪ ની જગા ઉપરથી વર્ગ–૪ ની ઉચા પગાર ધોરણની જગા ઉપર હવે બઢતીઓ આપવાની રહેશે નહી. દા.ત. હાલમાં પટાવાળાની રૂા.૨૫૫૦–૩૨૦૦ ના પગાર ધોરણની જગા ઉપરથી નાયક વર્ગ–૪ તરીકે રૂા.૨૬૧૦–૩૫૪૦ ના પગાર ધોરણમાં બઢતી આપવામાં આવે છે. હવે તેવી કોઈ બઢતીઓ આપવાની રહેશે નહી.

(૨) વર્ગ–૪ ની જગા ઉપરથી વર્ગ–૩ ની જગા ઉપર બઢતી આપવા માટે ઉપર જણાવેલ વિગતે નવી પ્રવરતાયાદી તૈયાર કર્યા બાદ, તેના આધારે, વર્ગ–૩ ની જે તે જગાના ભરતી નિયમોની બઢતી માટેની જોગવાઈઓ લક્ષમાં લઈને વર્ગ–૩ ની જગા ઉપર પ્રવરતાના આધારે બઢતીઓ આપવાની રહેશે.

(૩) તા.૧૬–૩–૦૫ થી વર્ગ–૪ ની જગાના ભરતી નિયમો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. આથી તેને લક્ષમાં લઈને વર્ગ–૪ માંથી વર્ગ–૩ ની જે જગાઓ ઉપર બઢતીઓ આપવાની જોગવાઈ હોય તેવા તમામ વર્ગ–૩ ની જગાના ભરતી નિયમોની બઢતીની જોગવાઈઓની સમીક્ષા કરી, વર્ગ–૪ ના તા.૧૬–૩–૦૫ ના ભરતી નિયમોને લક્ષમાં લઈને યોગ્ય જોગવાઈ સાથે વર્ગ–૩ ની જગાના નવા ભરતી નિયમો બનાવવા અંગેની કાર્યવાહી કરવા તમામ વિભાગોને આથી સૂચનાઓ આપવામાં આવે છે.

૬. વર્ગ–૪ ની જગાના ભરતી નિયમો બાબતઃ–

સામાન્ય વહીવટ વિભાગની તા.૧૬–૩–૦૫ ના અધિસૂચનાથી હાલની વર્ગ–૪ ની તમામ જગાઓના ભરતી નિયમો રદ કરવામાં આવ્યા છે. હવે તમામ વિભાગો / ખાતાના વડાએ વર્ગ–૪ ની ભરતી તા.૧૬–૩–૦૫ ના નોટીફીકેશન મુજબ જ કરવાની રહે છે. આ ભરતી નિયમોના નિયમ–૩(૩) મુજબ વર્ગ–૪ ની જે તે જગાની કામગીરી ફરજો-જવાબદારીને લક્ષમાં લઈને જે તે જગાની ભરતી માટે વધારાની લાયકાતો સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગે સામાન્ય વહીવટ વિભાગ તથા સરકારના આદેશો મેળવીને નકકી કરવાની રહેશે અને આ અંગેના વહીવટી આદેશો સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગે કરવાના રહેશે.

૭. ખાતાકીય પરીક્ષા બાબતઃ–

વર્ગ–૩ ની જે તે જગાના ભરતી નિયમોને લક્ષમાં લઈને વર્ગ–૪ ના કર્મચારીને વર્ગ–૩ ની જગા ઉપર બઢતી મળવાપાત્ર બનશે. આથી આવી બઢતી આપતાં પહેલાં વર્ગ–૩ ની જગાની ફરજો અને જવાબદારીને લક્ષમાં

/૪/

www.shixan.in

લઈને વર્ગ-૪ ના કર્મચારીઓ માટે યોગ્ય ખાતાકીય પરીક્ષાઓ તથા તે અંગેના નિયમો બનાવવા અંગે સા.વ.વિ. (ક શાખા) તથા સંબંધિત વહીવટી વિભાગે કાર્યવાહી કરવાની રહેશે.

તે જ રીતે વર્ગ-૩ થી વર્ગ-૧ ના કર્મચારી / અધિકારીઓ માટે ગુજરાતી તથા હિન્દી ભાષાની પરીક્ષાની જોગવાઈઓ છે, તેને અનુરૂપ ગુજરાતી / હિન્દી ભાષાની પરીક્ષાની જોગવાઈઓ વર્ગ-૪ ના કર્મચારીઓને લાગુ પાડવા માટે યોગ્ય સર્વ સામાન્ય નિયમો સામાન્ય વહીવટ વિભાગ(ક-શાખા) ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવશે જે મુજબ સંબંધિતોએ કાર્યવાહી કરવાની રહેશે.

૮. **તાલીમ અને પરીક્ષાની જોગવાઈ બાબત:-**

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૩-૦૫ ની અધિસૂચના અન્વયે જે ભરતી કરવામાં આવશે તે કર્મચારીઓ વર્ગ-૪ ના કર્મચારીઓ તરીકે જ ઓળખાશે. કોઈ ચોકકસ નામાભિધાન હેઠળ તેમને ઓળખવાના રહેશે નહી. જેમ કે હાલની જેમ રસોયા, માળી, પટાવાળા, નાયક તરીકે ઓળખવાના રહેશે નહી. જે તે જગાની ફરજોને અનુરૂપ, જે તે ઉમેદવારની કુશળતા / કૌશલ્યને લક્ષમાં લઈને જે તે જગા માટે કર્મચારીની ભરતી કરવામાં આવશે તેમ છતાં આવા કર્મચારીઓ બદલીને પાત્ર છે. દા.ત. રસોયાની કામગીરી માટે જે ઉમેદવારની ભરતી કરવામાં આવી હશે તેની બદલી માળીની કામગીરી માટે કરી શકાશે.(કે વર્ગ-૪ ની અન્ય કોઈપણ જગા ઉપર કરી શકાશે) આથી આવી બદલીવાળી નવી જગાની કામગીરી બજાવવા માટે જે તે કર્મચારી કાબેલિયત ન ધરાવતો હોય તેવા સંજોગોમાં આવા કર્મચારીઓને નવી બદલીવાળી જગાની કામગીરીને અનુરૂપ તાલીમ આપવાની તથા જરૂર જણાય તો આવી તાલીમ બાદ પરીક્ષા અંગેની યોગ્ય જોગવાઈઓ/નિયમો સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગે સામાન્ય વહીવટ વિભાગ(ક-શાખા) તથા સરકારના આદેશો મેળવીને પ્રસિધ્ધ કરવાના રહેશે.

૯. **વર્ગ-૪ ની જગા ઉપર ફીકસ પગારથી કરાર આધારે નિમણૂંક:-**

(૧) વર્ગ-૪ ની નિયમિત પગાર ધોરણની હાલની ખાલી જગાઓ કે ભવિષ્યમાં ખાલી પડનાર જગાઓ ભરવા માટે નાણાં વિભાગના તા.૧૬-૨-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક:-ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ ની સુચનાઓ મુજબ સંબંધિત ભરતી કરનાર એજન્સી એટલે કે સચિવાલય માટે સામાન્ય વહીવટ વિભાગ અને વહીવટી વિભાગ હેઠળના ખાતા/કચેરીઓ માટે ખાતાના વડાએ સંબંધિત સચિવાલયના વહીવટી વિભાગ મારફતે નાણાં વિભાગની મંજૂરી મેળવીને કાર્યવાહી કરવાની રહેશે.

(૨) ફીકસ પગારથી જગાઓ ભરવાની મંજૂરી મળ્યા મુજબની જગાઓ તા.૧૬-૩-૦૫ થી પ્રસિધ્ધ થયેલા વર્ગ-૪ ની જગાના ભરતી નિયમોની જોગવાઈઓ મુજબ ભરવાની રહેશે.

(૩) ફીકસ પગારની આ જગાઓ "સાથી સહાયક" ના નામથી ઓળખાશે અને તે મુજબ જ મંજુર કરવાની રહેશે.

(૪) ફીકસ પગારથી નિમણૂંક મેળવનાર "સાથી સહાયક" પાસેથી કરારની નિયત શરતો તેમને સ્વીકાર્ય છે તે મુજબનું સંમતીપત્રક નિમણૂંક આપનાર એજન્સીએ મેળવવાનું રહેશે.

(૫) તા.૧૬-૩-૦૫ થી પ્રસિધ્ધ થયેલા ભરતી નિયમો મુજબ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોથી અને ભરતીની નિયત કરવામાં આવેલ પ્રક્રિયાને અનુસરીને જ ભરતી કરવાની રહેશે. આ અંગેના નિયત અરજીપત્રકમાં કરારની શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

(૬) આ મુજબ કરાર આધારે નિમણૂંક મેળવનાર "સાથી સહાયક" ની સેવાઓ/ફરજો પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સંતોષકારક જણાય તો નાણાં વિભાગના તા.૧૬-૨-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ ની સુચનાઓ મુજબ પાંચ વર્ષ બાદ આવા "સાથી સહાયક" ને વર્ગ-૪ તરીકે નિયમિત પગાર ધોરણમાં લઘુતમ પગારે નિયમિત નિમણૂંક આપવાની રહેશે. એટલે કે પાંચ વર્ષ બાદ સાથી સહાયકની આવી જગાઓ પુરેપુરા પગાર ધોરણમાં આપોઆપ પરિવર્તીત થયેલી ગણાશે. સંબંધિત સાથી સહાયકની આ નવી નિમણૂંક ગણાશે અને તે સમયે તેમને નિયમોનુસાર મળવાપાત્ર તમામ ભથ્થા તથા સવલતો મળવાપાત્ર થશે.

/૫/

www.shixan.in

૧૦. વર્ગ-૪ ની જગ્યા ઉપર રોજમદાર પ્રથા બાબત તથા નવી ભરતી કરવા બાબત:-

(૧) હાલમાં વર્ગ-૪ ની ખાલી જગાઓ સામે રોજમદારના ધોરણે અથવા ૨૯ દિવસના ધોરણે નિમણૂંકો આપવામાં આવે છે. નાણાં વિભાગના તા.૧૦-૨-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક:ઈસીઆર/૧૦૯૪/૪૨૫/ચ થી આવા અંશકાલિન કર્મચારીની ભરતી બંધ કરવામાં આવી છે.

(૨) હાલની વર્ગ-૪ ની ખાલી જગાઓ ફીક્સ પગારથી ભરવા માટે હાલની કરકસરની નીતિ અન્વયેના આદેશો મુજબ સંબંધિત ભરતી કરનાર સક્ષમ સત્તાએ એટલે કે સચિવાલયના વિભાગો માટે સામાન્ય વહીવટ વિભાગે તથા વહીવટી વિભાગ હેઠળના ખાતાના વડા અને તેમની તાબાની કચેરીઓ માટે સંબંધિત વહીવટી વિભાગોએ નાણાં વિભાગની પૂર્વમંજૂરી મેળવવાની રહેશે અને નાણાં વિભાગ દ્વારા જે મુજબ મંજૂરી આપવામાં આવે તે મુજબની જગાઓ ભરવાની રહેશે.

(૩) નીચલી અદાલતો/લેબર કોર્ટો દ્વારા રોજમદારોને વર્ગ-૪ ની જગા ઉપર નિયમિત નિમણૂંકો આપવાના હુકમો કરવામાં આવે છે ત્યારે આવા કિસ્સામાં સંબંધિત સત્તાધિકારીએ નિયમોનુસાર અપીલની કાર્યવાહી સમય-મર્યાદામાં કરવાની રહેશે, તેમ છતાં જો આવા રોજમદારોને વર્ગ-૪ ની જગા ઉપર નિયમિત નિમણૂંકો આપવાના હુકમો કરવામાં આવે તો તેમને ભરતી નિયમોની જોગવાઈ અને અન્ય નિયમોનુસાર નિમણૂંકો આપવાની વિચારણા કરવાની રહેશે. અને/અથવા દોલતભાઈ પરમાર સમિતિની ભલામણના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ કરવામાં આવેલ રોજમદારો કે જેમને વર્કચાર્જ મહેકમ ઉપર નિમણૂંક આપવામાં આવી છે તેવા કર્મચારીઓ જો ભરતી નિયમોની જોગવાઈ સંતોષતા હોય તો તેમને વર્ગ-૪ ની નિયમિત જગા ઉપર નિયમોનુસાર નિમણૂંક આપવાની કાર્યવાહી કરવાની રહેશે. આ મુજબ નિયમિત પગાર ધોરણ ઉપર નિમણૂંક આપ્યા બાદ, ખાલી પડતી રોજમદારની અને વર્કચાર્જ જગા રદ કરવાની રહેશે તે જગા ઉપર અન્ય નવી રોજમદારની/વર્કચાર્જની ભરતી કરવાની રહેશે નહી. આ પ્રક્રિયા બાદ, વર્ગ-૪ ની જે જગાઓ ખાલી રહી હોય તેવી જગાઓ આ ઠરાવની જોગવાઈઓ મુજબ અને તા.૧૬-૩-૦૫ થી પ્રસિધ્ધ થયેલા ભરતી નિયમો હેઠળ નાણાં વિભાગની મંજૂરી મેળવીને ભરવા માટે કાર્યવાહી કરવાની રહેશે.

(૪) આ ઠરાવની જોગવાઈઓ તથા તા.૧૬-૩-૦૫ ની અધિસુચનાની જોગવાઈઓના અમલીકરણ બાદ કોઈ ખાતાના વડા હેઠળ વર્ગ-૪ ના કર્મચારી જો ફાજલ થાય તો તેવા ફાજલ વર્ગ-૪ ના કર્મચારીની યાદી ખાતાના વડાએ સંબંધિત વહીવટી વિભાગને મોકલવાની રહેશે. સંબંધિત વહીવટી વિભાગે તેના નિયંત્રણ હેઠળના અન્ય ખાતાના વડાની કે તેમના તાબા હેઠળની કચેરીઓમાં વર્ગ-૪ ની ખાલી જગા ઉપર આવા કર્મચારીને તેની મૂળ નિમણૂંકની તારીખથી પ્રવરતા મળે તે મુજબ બદલીથી નિમણૂંક અંગેના હુકમો કરવાના રહેશે. જો સંબંધિત વહીવટી વિભાગ હેઠળના ખાતાના વડાઓની કે તાબાની કચેરીઓમાં વર્ગ-૪ ની જગાઓ ખાલી ન હોય તો આવા ફાજલ કર્મચારીની યાદી નાણાં વિભાગને મોકલવાની રહેશે અને નાણાં વિભાગ દ્વારા વર્ગ-૪ ની જગાઓ ભરવા માટે મંજૂરી આપવામાં આવે તે અગાઉ આવી ફાજલની યાદી ઉપરના કર્મચારીઓને જે તે ખાલી જગાઓ ઉપર નિમણૂંક આપવા કાર્યવાહી કરવા સક્ષમ સત્તાને જણાવવાનું રહેશે અને સંબંધિત સક્ષમ સત્તાએ તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. આવા ફાજલ કર્મચારીને નવા ખાતા/કચેરીમાં તેની મૂળ નિમણૂંક તારીખથી પ્રવરતા મળવાપાત્ર રહેશે. આ મુજબની બદલીથી નિમણૂંક અંગેના હુકમો આ ઠરાવના ક્રમાંક:૩(૬) હેઠળની સક્ષમ સત્તાએ કરવાના રહેશે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૩-૦૫ ની અધિસુચનાથી પ્રસિધ્ધ થયેલા વર્ગ-૪ ની જગાના ભરતી નિયમોનું અમલીકરણ ઉપરોક્ત સૂચનાઓને લક્ષમાં લઈને કરવા આથી તમામને સૂચનાઓ આપવામાં આવે છે.

/૬/

www.shixan.in

આ હુકમો સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૭-૩-૦૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન. સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

– મા.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
– મા. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
– મા. મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સચિવાલય, ગાંધીનગર.
– મા. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
– સચિવાલયના સર્વે વિભાગો
– એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
– સર્વે ખાતાના વડાઓ / કલેકટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
– સર્વે જીલ્લા તિજોરી અધિકારીઓ.
– પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
– નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
– નાણાં વિભાગ(ઝ.૧ શાખા), તમામ નાણાંકીય સલાહકારશ્રીઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સાથે.
– સામાન્ય વહીવટ વિભાગ/ ખ.૩/ ક શાખા.
– સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ.
<u>– પસંદગીની ફાઈલ–ગ.૨ શાખા.</u>
× પત્ર ધ્વારા.

----------/----------

www.shixan.in

તાંત્રિક / બિનતાંત્રિક જગ્યાઓ ઉપર સરકારી કર્મચારીઓને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂંક.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-આરઈએમ-૧૦૨૦૦૨-પુઓઆર-૮૨-ગ.૨(ભાગ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૫/૫/'૦૬.

વંચાણે લીધાઃ- (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૩-૧૨-૯૬ નો ઠરાવ ક્રમાંકઃઆરઈએમ-૧૦૭૭-ગ.૨,
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૯-૧૧-૯૭ નો ઠરાવ ક્રમાંકઃઆરઈએમ-૧૦૭૭-ગ.૨,
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૧-૧૨-૯૮ નો ઠરાવ ક્રમાંકઃઆરઈએમ-૧૦૭૭-ગ.૨,
(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૯-૫-૦૨ નો ઠરાવ ક્રમાંકઃઆરઈએમ-૧૦૨૦૦૨-પુઓઆર-૮૨-ગ.૨,
(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૧-૧૨-૦૫ નો ઠરાવ ક્રમાંકઃ આરઈએમ-૧૦૨૦૦૦-પુઓઆર-૮૨-ગ.૨,

-: ઠ રા વ :-

ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંકઃ(૧) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૧૨-૯૬ ના ઠરાવથી વયનિવૃત્ત થયેલ અધિકારીઓ / કર્મચારીઓને તે ઠરાવમાં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધીન વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાએ કરારના ધોરણે નિમણૂંક આપવાનું ઠરાવવામાં આવેલ છે, જેમાં વંચાણ ક્રમાંકઃ(૨) થી (૫) સામેના ઠરાવોથી વખતો વખત સુધારાઓ કરવામાં આવેલ છે. સરકારના વયનિવૃત્ત અધિકારીઓ / કર્મચારીઓને કરારના ધોરણે નિમણૂંક આપવાની નીતિ સરકારશ્રીની સમીક્ષા હેઠળ હતી.

૨. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે એવું ઠરાવવામાં આવે છે કે, રાજય સરકારમાં ફકત વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ પરથી વયનિવૃત્ત થયેલ સરકારી અધિકારીઓને હાલની નીતિ અનુસાર તેવી જગ્યાઓ પર વહીવટી હિતમાં જરૂર જણાય તેવા કિસ્સાઓમાં કરારના ધોરણે નિમણૂંક આપવાની પ્રથા ચાલુ રાખવામાં આવે અને વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ પર નિવૃત્તિ બાદ સરકારી કર્મચારીઓને કરારના ધોરણે નિમણૂંક આપવાની હાલની પ્રથા રદ કરવામાં આવે. આથી આ ઠરાવ રવાના થયાની તારીખથી વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ પર નિવૃત્ત કર્મચારીઓની કરાર આધારિત નિમણૂંક કરવી નહી. આ હુકમો રવાના થયાની તારીખ પહેલાં વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાએ કરારના ધોરણે નિમણૂંક

P.T.O.

www.shixan.in

પામેલ નિવૃત્ત સરકારી કર્મચારીઓ તેઓની કરારની મુદત પૂરી થાય ત્યાં સુધી ચાલુ રહેશે અને કરારની મુદત પૂરી થતાં તેમની કરાર આધારિત નિમણૂંકનો અંત લાવવાનો રહેશે.

૩. વર્ગ-૨ ની જગ્યાઓ પર પણ નિવૃત્ત કર્મચારીઓની કરાર આધારિત નિમણૂંક માટે જૂજ કેસોમાં અપવાદરૂપે જ વિચારણા કરવાની રહેશે.

સંદર્ભ ક્રમાંક(૪) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા.૯-૫-૦૨ ના ઠરાવના પ્રવર્તમાન સુચનાનુસાર વર્ગ-૨ ની જગ્યા પર નિવૃત્ત અધિકારીઓને કરારના ધોરણે નિમણૂંક આપવાની દરખાસ્તો સંબંધિત વિભાગ મારફત સંબંધિત મંત્રીશ્રીને રજૂ કરવામાં આવે છે. તે સુચનાઓમાં હવે ફેરફાર કરીને એવુંપણ ઠરાવવામાં આવે છે કે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૧૨-૯૬ ની ઠરાવ અને વખતોવખત કરવામાં આવેલાં સુધારાઓ ધ્યાનમાં લઈને જો વર્ગ-૨ ની જગ્યાએ નિવૃત્ત અધિકારીને કરારના ધોરણે નિમણૂંક આપવાની દરખાસ્તો કરવામાં આવે તો તેવી દરખાસ્ત સ્વયંસ્પષ્ટ પૂરતા કારણો દર્શાવીને વિભાગના સચિવશ્રીની મંજુરી બાદ, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.) મારફત સંબંધિત મંત્રીશ્રીને રજૂ કરવાની રહેશે.

૪. આ હુકમો સ્વાનગી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન.સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
<u>સિલેક્ટ ફાઈલ.</u>
× પત્ર દ્વારા.

www.shixan.in

**Notification**
**General Administration Department,**
**Sachivalaya, Gandhinagar.**
**Dated the 22nd June, 2006.**

**CONSTITUTION OF INDIA.**

No.GS/2006/13/CRR/102005/1003/G-2: In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India, the Governor of Gujarat hereby makes the following rules further to amend the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967, namely:-

1. These rules may be called the Gujarat Civil Services Classification and Recruitment (General) (Amendment) Rules, 2006.

2. In the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967, in rule 11,

   (1) in sub-rule (3), after clause (a) the following proviso shall be inserted, namely: -

   "Provided that the provision for preparation of a Select List as prescribed above, shall not be applicable, for the promotion of such officers, in respect of whom the Select List(s) have already been approved by the Government on or before the 29th October, 2005."

   (2) in sub-rule (4), after clause (a) the following proviso shall be inserted, namely:-

   "Provided that the provision for preparation of a Select List as prescribed above, shall not be applicable, for the promotion of such officers, in respect of whom the Select



www.shixan.in

List(s) have already been approved by the Government on or before the 29th October, 2005."

By order and in the name of the Governor of Gujarat,

( I. N. Solanki )
Deputy Secretary to Government.

To
The Principal Secretary to the Governor.
The Principal Secretary to the Chief Minister.
The Personal Secretaries to all Ministers / Ministers of State.
The P.S. to Leader of Opposition, Dr. Vithalbhai Patel Bhaven, Gandhinagar

- The Secretary, Gujarat Public Service Commission, Ahmedabad (10 copies).
- The Secretary, Gujarat Legislative Secretariat, Gandhinagar.
- The Secretary, Gujarat Vigilance Commission, Gandhinagar.
- The Secretary, Gujarat Civil Services Tribunal, Gandhinagar.
- The Registrar, Gujarat high Court, Ahmedabad.
- The Secretary, Gujarat Panchyat Services Selection Board, Ahmedabad.
- The Secretary, Gujarat Subordinate Services Selection Board, Gandhinagar.

All Secretariat Departments (5 copies).
The Accountant General, Ahmedabad / Rajkot.
The Pay and Accounts Officer, Ahmedabad / Gandhinagar.
All Officers & All Branches of the G.A.D.
All Heads of Departments.
The Manager, Government Central Press, Gandhinagar
– With a request to publish this notification in the Government Gazette immediately and to furnish 200 copies of it to this department.

---

- By letter

D:\data\BRANCHES\G-2006\CRR1520051228.doc

www.shixan.in

ગુજરાત જાહેર સેવા આયોગને
મોકલવામાં આવતા માંગણીપત્રકો
બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ-પીએસસી-૧૦૨૦૦૬-૧૧૮૩-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૧/૭/૨૦૦૬.

પ રિ પ ત્રઃ-

સરકારશ્રીના જુદા જુદા વિભાગો તરફથી જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગને મોકલવામાં આવતા માંગણીપત્રકોની સાથે જે તે જગ્યાના ભરતી નિયમોના અંગ્રેજી જાહેરનામાની નકલો ઉપરાંત ભરતી નિયમોની ગુજરાતી ભાષાંતરની અધિકૃત નકલ પણ આયોગને મોકલવા અંગે સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ૧૯-૧૧-૯૮ ના પરિપત્ર ક્રમાંકઃ પીએસસી/૧૧૯૮/૧૬૯૨/ગ.૨ થી સચિવાલયના સર્વે વિભાગોને સુચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. આમ છતાં વિભાગો ધ્વારા આ સુચનાઓનું પાલન થતુ ન હોવાના કારણે તેમજ માંગણીપત્રકમાં ક્ષતિઓ રહેતી હોવાના કારણે આયોગ ધ્વારા વિભાગોને માંગણીપત્રકો પરત મોકલવામાં આવે છે, પરિણામે કામગીરી બેવડાતી હોવાનું આયોગના ધ્યાને આવેલ છે.

આથી આયોગને મોકલવામાં આવતા માંગણીપત્રકમાં દર્શાવવામાં આવતી વિગતોમાં ભરતી નિયમોની ભાષાના શબ્દોનો જ ઉપયોગ કરવામાં આવે તથા માંગણીપત્રકની સાથે જે તે જગ્યાના અદ્યતન ભરતી નિયમોના જાહેરનામાની અંગ્રેજી તેમજ ગુજરાતી નકલો આયોગને અચૂક મોકલવામાં આવે તે જોવા સચિવાલયનાં સર્વે વહીવટી વિભાગોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ. સદાદીયા)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ.

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રી/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
સચિવાલયના સર્વે વહીવટી વિભાગો.
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.
<u>પસંદગી ફાઈલ.</u>
× પત્ર ધ્વારા.

www.shixan.in

સેવા/મહેકમ/શિસ્ત વિષયક બાબતોમાં કેસો માર્ક કરવાનો રાહ (Channel of submission) નક્કી કરવા અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:સીઓએસ-૧૦૨૦૦૫-૫૧૬-ગ.૨
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૬/૭/૨૦૦૬

વંચાણે લીધા :- સા.વ.વિ.ના તા.૨૩/૧૨/૨૦૦૫ અને તા.૨૦/૪/૨૦૦૬ના સરખા ક્રમાંકના ઠરાવ.

**ઠરાવ**

ઉપર વંચાણે લીધેલા સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૨/૨૦૦૫ અને તા.૨૦/૪/૨૦૦૬ના ઠરાવોથી સેવા/મહેકમ/શિસ્ત વિષયક બાબતોમાં કેસોની રજૂઆતનો રાહ નિયત કરવામાં આવેલ છે. ઉક્ત તા.૨૩/૧૨/૨૦૦૫ના ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ના અનુક્રમ નં.૬(ગ) અને અનુક્રમ નં.૬(ઘ)માં સ્વૈચ્છિક નિવૃત્તિ અંગેના કેસોની રજૂઆતનો રાહ દર્શાવેલ છે, તેના સ્થાને હવે નીચે દર્શાવ્યા મુજબનો રજૂઆતનો રાહ નિયત કરવામાં આવે છે.

| અ.નં. | વિષય | રૂ.૧૬,૦૦૦-૨૦,૦૫૦ કે તેથી ઉપરના પગાર ધોરણમાં પગાર મેળવતાં અધિકારીઓને લગતી બાબતો. | વર્ગ-૧ના અન્ય અધિકારીઓને લગતી બાબતો. | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬(ગ) | સ્વૈચ્છિક નિવૃત્તિ (સરકારી લેણું બાકી હોય અથવા ન હોય પરંતુ ખાતાકીય તપાસ ચાલુ ન હોય ત્યારે | (૧) વિભાગના સચિવશ્રી<br>(૨) મંત્રીશ્રી | (૧) વિભાગના સચિવશ્રી<br>(૨) મંત્રીશ્રી | - |
| ૬ (ઘ) | સ્વૈચ્છિક નિવૃત્તિ (ખાતાકીય તપાસ ચાલુ હોય ત્યારે) | (૧) વિભાગના સચિવશ્રી<br>(૨) અ.મુ.સ.શ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ,<br>(૩) મુખ્ય સચિવશ્રી<br>(૪) મંત્રીશ્રી | (૧) વિભાગના સચિવશ્રી<br>(૨) અ.મુ.સ.શ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ,<br>(૩) મંત્રીશ્રી | - |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન.સોલંકી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,
- નામ.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર,
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
- સર્વે મંત્રીશ્રીઓ/ રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો,
- સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ,
- સીલેકટ ફાઈલ/ગ.૨ શાખા

www.shixan.in

રાજ્ય સરકારના ઈ–ગવર્નન્સની નીતિ અંગે વર્ગ–૧ થી વર્ગ–૩ના સીધી ભરતી, તેમજ બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજિયાત બનાવવા અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપરચ–૧૦૦૬–૧૨૮૩–ગ.૨
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૦/૮/૦૬

વંચાણે લીધા : (૧) સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃપરચ/૧૦૨૦૦૩/૬૭૨/(૧)/ગ.૨ તા.૧૧/૮/૨૦૦૩ તથા તા.૧૭/૮/૨૦૦૪ તથા તા.૧૩/૧/૨૦૦૫, તા.૨૪/૬/૦૫ તથા તા.૧/૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૦૩/૬૭૨/(૧)/ગ.૨

**ઠરાવ :**

રાજ્ય સરકારની ઈ–ગવર્નન્સની નીતિ અંગે વર્ગ–૧ થી વર્ગ–૩ના સીધી ભરતી તેમજ બઢતીમાં કોમ્પ્યુટરની જાણકારી હોવાનું ફરજિયાત બનાવવા અંગેની સૂચનાઓ તથા કાર્યપધ્ધતિ અંગે સામાન્ય વહીવટ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૧/૮/૨૦૦૩ અને તા.૧૭/૮/૨૦૦૪ના પરિપત્રોથી સૂચનાઓ આપવામાં આવી છે. તથા વંચાણમાં લીધેલા તા.૧૩/૧/૦૫, તા.૨૪/૬/૦૫ના ઠરાવથી સરકાર માન્ય યુનિવર્સિટી/પોલીટેકનીક/તાલીમી સંસ્થામાંથી મેળવેલ અભ્યાસક્રમો/કોર્પના પ્રમાણપત્રો/માર્કશીટને સી.સી.સી. લેવલ સમકક્ષના અભ્યાસક્રમ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તેના અનુસંધાને કેટલાક વધારાના અભ્યાસક્રમોને સી.સી.સી. લેવલ સમકક્ષના અભ્યાસક્રમ તરીકે જાહેર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. તે અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી મેળવેલ "ડીપ્લોમા ઈન કોમ્પ્યુટર સાયન્સ"ના એક વર્ષના અભ્યાસક્રમને સી.સી.સી. લેવલ સમકક્ષ અભ્યાસક્રમ તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

રાજ્ય સરકારની ભરતી કરનાર એજન્સીએ ભરતી નિયમોની જોગવાઈઓ અન્વયે કોમ્પ્યુટર જ્ઞાન અંગેની જાણકારી માટે DOEACC સોસાયટીની સી.સી.સી. લેવલ ઉપરાંત આ અભ્યાસક્રમના પ્રમાણપત્રને પણ માન્ય ગણવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સાયન્સ અને ટેકનોલોજી વિભાગની તા.૩/૮/૨૦૦૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન.સોલંકી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર,
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર,
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર,
❖ રજિસ્ટ્રાર શ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર,
❖ સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,
❖ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ,
સચિવાલયના તમામ વિભાગો,
સર્વે ખાતાના વડાઓ/કચેરીઓના વડા,
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/અધિકારીઓ,
સીલેકટ ફાઈલ/ગ.૨ શાખા
❖ પત્ર ધ્વારા

www.shixan.in

સચિવાલયના વિભાગો તેમજ તાબાની તમામ કચેરીઓ માટે આવતા દસ વર્ષને લક્ષમાં લઈને મેનપાવર પ્લાનિંગ સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૫-૨૧૮૯-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૩-૮-૨૦૦૬.

વંચાણે લીધોઃ- સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૩/૧૨/૦૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

ઠ રા વઃ-

આગામી દસ વર્ષને ધ્યાનમાં રાખીને સચિવાલયના વિભાગો, ખાતાના વડાઓની કચેરીઓ તથા તાબાની તમામ કચેરીઓમાં મેનપાવર પ્લાનિંગ કરવા માટે યોગ્ય ભલામણો કરવા માટે ઉપર વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૧૨/૦૫ ના ઠરાવથી શ્રી વી.આર.એસ.કૌવડી(નિવૃત્ત આઈ.એ.એસ.)ના અધ્યક્ષપણા હેઠળ સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિની મુદત વધુ સમય માટે લંબાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે આ સમિતિની મુદત તા.૩૦/૯/૦૬ સુધી લંબાવવામાં આવે છે. આ મુદત સુધીમાં સમિતિએ સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓની કચેરીના કામકાજના સંદર્ભમાં સમિતિની ભલામણો સરકારશ્રીને રજુ કરવાની રહેશે.

૩ આ હુકમો આ વિભાગની ફાઈલ ક્રમાંકઃ એમપીપીસી/૧૦/૨૦૦૬/એમપીપીસી સેલ ઉપર નાણાં વિભાગની તા.૧૦/૮/૦૬ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન. સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સમિતિના તમામ સભ્યશ્રીઓ.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
સચિવાલયના તમામ વિભાગોના સચિવશ્રીઓ.
સર્વે ખાતાના વડાઓ.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.
<u>સીલેક્ટ ફાઈલ-ગ.૨ શાખા.</u>
× પત્ર દ્વારા.

www.shixan.in

પસંદગી યાદીમાં 'બંધ કવર' નાં ભલામણ અન્વયે ખાતાકીય તપાસમાં કર્મચારીને નાની શિક્ષા થઇ હોય તો, બઢતી માટે પસંદગી યાદી તૈયાર કરતી વેળા અનુસરવાની પધ્ધતિ બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૦૫/૧૦૦૮/ગ.ર
સચિવાલય, ગાંધીનગર.
તા.૧-૯-૨૦૦૬

વંચાણે લીધા :-

(૧) સા.વ.વિ.નો તા.૨૩-૯-૮૧નો ઠરાવ ક્રમાંકઃ એસએલટી-૧૦૮૦-૮૯૫-ગ.ર
(૨) સા.વ.વિ.નો તા.૧૯-૨-૯૪નો ઠરાવ ક્રમાંકઃ એસએલટી-૧૦૯૦-યુએ-૧૯૭૭-ગ.ર
(૩) સા.વ.વિ.નો તા.૧૮-૩-૯૮નો ઠરાવ ક્રમાંકઃ એસએલટી-૧૦૮૦-૮૯૫-ગ.ર

ઠરાવ :-

સરકારના સા.વ.વિ.ના વંચાણ હેઠળના ક્રમાંકઃ (૧) સામેના તા. ૨૩-૯-૮૧ના ઠરાવની જોગવાઇ અનુસાર જે સરકારી કર્મચારીને બઢતી આપવા અંગેની ખાતાકીય બઢતી સમિતિની ભલામણ ખાતાકીય તપાસના કારણોસર મહોરબંધ પરબીડીયામાં રાખવામાં આવી હોય તે કર્મચારી સામેની ખાતાકીય તપાસને અંતે જો તેને દોષમુક્ત ઠરાવવામાં આવ્યો ન હોય એટલે કે તેને કોઇપણ શિક્ષા કરવામાં આવી હોય તો તેવા સરકારી કર્મચારીને બઢતી માટેની પસંદગી યાદીમાં સમાવવા બાબતે ખાતાકીય બઢતી સમિતિએ નવેસરથી વિચારણા કરવાની રહે છે.

ખાતાકીય બઢતી સમિતિની ભલામણો મહોરબંધ પરબીડીયામાં રાખવામાં આવેલ હોય તો કર્મચારી સામેની ખાતાકીય તપાસ પૂરી થયેથી જો તે કર્મચારીને 'તાકીદ' આપવામાં આવી હોય કે ઠપકાની શિક્ષા કરવામાં આવેલ હોય તો શી કાર્યપધ્ધતિ અનુસરવી તેની સ્પષ્ટતા વંચાણ ક્રમાંક(૨) સામે દર્શાવેલા સા.વ.વિ.ના તા.૧૯-૨-૯૪ના ઠરાવથી કરવામાં આવી છે.

વંચાણ ક્રમાંક(૩) સામેના સા.વ.વિ.ના તા.૧૮-૩-૯૮ના ઠરાવની જોગવાઇ અનુસાર ગુજરાત રાજ્ય સેવા(શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ના નિયમ-૬માં દર્શાવેલ શિક્ષાઓ પૈકી જો કર્મચારી/અધિકારીને બઢતી અટકાવવાની શિક્ષા સિવાયની અન્ય કોઇપણ નાની શિક્ષા કરવામાં આવી હોય તો તેને માત્ર નાની શિક્ષા થવાને કારણે જ બઢતી માટે અયોગ્ય ગણવા નહી અને કર્મચારી/અધિકારીને બઢતી અટકાવવાની શિક્ષા સિવાયની નાની શિક્ષા કરવાના હુકમો થયા પછી બઢતીથી જગ્યા ભરવાના પ્રસંગે કોઇ કર્મચારી/અધિકારીને આવા હુકમોને કારણે જ માત્ર અયોગ્ય ન ઠરાવતા, તે અન્યથા બઢતી માટે પાત્ર ઠરે તો બઢતી માટેની પસંદગી યાદીમાં તેનો સમાવેશ કરવા વિચારવું. વધુમાં, જે કર્મચારી/અધિકારીને બઢતી અટકાવવાની શિક્ષા થઇ હોય તેના કિસ્સામાં તે શિક્ષાનો અમલ ચાલુ રહે ત્યાં સુધી તેને બઢતીની પસંદગી યાદીમાં સમાવવા નહીં તેવી પણ જોગવાઇ ઉપરોકત ઠરાવથી કરવામાં આવી છે.

૨. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે વંચાણ ક્રમાંક.(૨) અને (૩) સામેના સા.વ.વિ.ના અનુક્રમે તા.૧૯-૨-૯૪ તથા તા.૧૮-૩-૯૮ના ઠરાવની જોગવાઇ આથી રદ કરીને, જે કર્મચારી/અધિકારીના કિસ્સામાં ખાતાકીય બઢતી સમિતિની ભલામણો મહોરબંધ પરબીડીયામાં રાખવામાં આવેલ હોય તેવા કિસ્સામાં કર્મચારી/અધિકારી સામેની ખાતાકીય તપાસ પૂરી થયેથી ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત

www.shixan.in

અને અપીલ) નિયમો-૧૯૭૧ના નિયમ-૬ હેઠળની કોઇપણ નાની શિક્ષા કરવામાં આવી હોય તો કર્મચારી/ અધિકારીના કિસ્સામાં હવે પછી નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાનું આથી ઠરાવવામાં આવે છે :-

(૧) જે કિસ્સાઓમાં ખાતાકીય તપાસ નાની શિક્ષામાં, જેવી કે લેખિત ઠપકો, સરકારને થયેલ નાણાંકીય નુકશાનની વસુલાત, ઇજાફા કે બઢતી રોકવીમાં પરિણમી હોય ત્યાં ખાતાકીય બઢતી સમિતિએ સંબંધિત અધિકારી/કર્મચારી માટે જે તે સમયે કરેલ અને મહોરબંધ પરબીડીયામાં રાખવામાં આવેલ ભલામણ પરત્વે કોઇ કાર્યવાહી કરવાની રહેશે નહીં. પરંતુ સંબંધિત અધિકારી/કર્મચારીનો બઢતી/ કન્ફર્મેશન માટેનો કેસ ખાતાકીય તપાસ પૂરી થયા પછી તુરત જ મળનાર ખાતાકીય બઢતી સમિતિ સમક્ષ રજૂ કરવાનો રહેશે.

(૨) જો ખાતાકીય બઢતી સમિતિ એવા અધિકારી / કર્મચારીને બઢતી માટે યોગ્ય ઠેરવે અને જો સંબંધિત અધિકારી/કર્મચારીને ખાતાકીય તપાસને અંતે લેખિત ઠપકો અથવા તેની નિષ્કાળજી કે નિયમોના ભંગને કારણે સરકારને થયેલ નાણાંકીય નુકશાનની વસુલાતની શિક્ષા થઇ હોય તો તેવા અધિકારી /કર્મચારીને પસંદગી યાદીમાં સમાવિષ્ટ કરીને બઢતી આપી શકશે.

(૩) જો સંબંધિત અધિકારી/કર્મચારીને ખાતાકીય તપાસને અંતે ઇજાફા અટકાવવાની કે બઢતી અટકાવવાની શિક્ષા થઇ હોય તો તેવા અધિકારી/કર્મચારીને શિક્ષાનો અમલ પૂરો થયાની અવધિ પછી બઢતી આપી શકાશે.

૩. આ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી અમલી બનશે. આથી આ ઠરાવ પ્રસિધ્ધ થયા અગાઉ આખરી થઇ ગયેલ કેસોમાં ફેરવિચારણા કરવી નહીં, પરંતુ આખરી નિર્ણય થવાનો બાકી હોય તેવા કેસોમાં આ ઠરાવ મુજબ વિચારણા કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એન. સોલંકી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

- રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર.
- વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય. ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો. / સર્વે ખાતાના વડાઓ.
- સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ.
- પત્ર દ્વારા

www.shixan.in

માંગણીપત્રક(Requisitions)નો
નમૂનો અદ્યતન કરવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ક્રમાંકઃ-પીએસસી-૧૦૮૪-૨૫૬-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૩/૯/૨૦૦૬.

**વંચાણે લીધાઃ**- સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૦-૨-૯૮ નો પરિપત્ર ક્રમાંકઃપીએસસી-૧૦૮૪-૨૫૬-ગ.૨

-: પ રિ પ ત્ર :-

સરકારના સામાન્ય વહીવટ વિભાગના વંચાણે હેઠળના તા.૧૦-૨-૯૮ ના પરિપત્ર થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે આયોગને મોકલવાના માંગણીપત્રકનો નમૂનો નિયત કરવામાં આવેલ છે.

૨. ગુજરાત રાજ્ય સેવા(માજી સૈનિકો માટે વર્ગ-૩ અને ૪ ની જગ્યા અને સેવામાં અનામત) નિયમો-૧૯૭૫(વખતોવખત સુધાર્યા મુજબ) ની જોગવાઈ અનુસાર વર્ગ-૩ અને ૪ ની જગ્યાઓ / સેવાઓમાં અનુક્રમે ૧૦ ટકા અને ૨૦ ટકા જગ્યાઓ માજી સૈનિકો માટે અનામત રાખવાની થાય છે. આ નિયમોના નિયમ-૪ ના પેટા નિયમ-(૨) ના પરંતુક મુજબ માજી સૈનિક અનુ.જાતિ/અનુ.જનજાતિનો હોય તો તેને અનુ.જાતિ/અનુ.જનજાતિ માટે રાખવામાં આવેલ અનામત જગ્યાઓ સામે સમાવવાના રહે છે. આથી માજી સૈનિકોની અનામત માટે રોસ્ટર રજીસ્ટરમાં અલગ ક્રમાંકો નિયત કરવામાં આવેલ નથી. આ ઉપરાંત આ વિભાગના તા.૯-૪-૯૭ ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૯૭-૧૩-સીઆરઆર-૧૦૯૬-૨૨૧૩-ગ.૨ થી મહિલા ઉમેદવારો માટે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ બિનઅનામતની જગ્યાઓ પૈકી ૩૦ ટકા જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે અનામત રાખવા જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં આ વિભાગના તા.૨૨-૫-૯૭ ના પરિપત્ર ક્રમાંકઃ-સીઆરઆર- ૧૦૯૬-૨૨૧૩-ગ.૨ થી મહિલાઓ માટેની અનામતની જોગવાઈના સંદર્ભે સ્પષ્ટતાઓ પ્રસિધ્ધ કરવામાં આવી છે. તે મુજબ જે જાતિ માટેની અનામત જગ્યાઓ માટે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તેટલી બેઠકો જે તે જાતિના પૂરૂષ ઉમેદવારોને ફાળવવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં કેન્દ્ર સરકારના

એચ-૪૧૭-૧

P.T.O.

www.shixan.in

વિકલાંગ(સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પુર્ણ ભાગીદારી)ધારા–૧૯૯૫ ના સંદર્ભે રાજ્ય સરકારના તા.૧૯–૨–૨૦૦૦ના જાહેરનામાથી(૧) અંધત્વ અથવા ઓછી દૃષ્ટિ, (૨)શ્રવણની ખામી અને (૩) હલનચલનની વિકલાંગતા અથવા મગજનો લકવા એમ ત્રણ પ્રકારની વિકલાંગતા માટે દરેક માટે ૧ ટકા જગ્યા અનામત રાખવા જોગવાઈ કરવામાં આવેલ છે. માંગણીપત્રકમાં આ બધી જગ્યાઓનો ઉલ્લેખ ન થતો હોવાથી જાહેરાતમાં આવી જગ્યાઓ દર્શાવવામાં આવતી નથી. માંગણીપત્રકમાં માજી સૈનિકો માટેની અનામત, મહિલા ઉમેદવારો માટેની અનામત તેમજ વિકલાંગ ઉમેદવારો માટેની અનામત જગ્યાઓની સંખ્યાનો ઉલ્લેખ થવો જરૂરી બને છે.

૩. સરકારની પ્રવર્તમાન સુચનાઓ અનુસાર આયોગને મોકલવામાં આવતાં માંગણીપત્રકો ક્ષતિરહિત હોય તે જોવા સરકારે વખતોવખત સુચનાઓ આપેલ છે. પરંતુ અનુભવે જણાયેલ છે કે, વિભાગો તરફથી મોકલવામાં આવતાં માંગણીપત્રકોમાં ક્ષતિઓ જોવા મળે છે. પરિણામે આયોગ અને સરકારશ્રી વચ્ચે બિનજરૂરી પત્રવ્યવહાર થાય છે અને સમગ્ર ભરતી પ્રક્રિયા ઢીલમાં પરિણમે છે. આ પરિસ્થિતિનું નિર્માણ ન થાય, ભરતી પ્રક્રિયા ઝડપી થાય અને માંગણીપત્રકમાં અનામત જગ્યાઓ અંગે વધુ સ્પષ્ટતા થાય તે માટે હાલના માંગણીપત્રકના નમૂનાની સમીક્ષા કરીને નવેસરથી નમુનો તૈયાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૪. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ માંગણીપત્રકનો સુધારેલ નમુનો નિયત કરવાનો નિર્ણય કરવામાં આવે છે. આથી હવે પછી જયારે આયોગને અથવા અન્ય ભરતી એજન્સીને માંગણીપત્રક મોકલવામાં આવે ત્યારે તેની સાથે જે તે જગ્યાઓના ભરતી નિયમોના જાહેરનામાની સુધારા સહિતની અંગ્રેજી તથા ગુજરાતી નકલો આયોગને મોકલવાની રહેશે. આ ભરતી નિયમો તેમજ સરકારશ્રીના સામાન્ય ભરતી નિયમો અને વખતોવખતની સુચનાઓના આધારે આયોગ કે સંબંધિત ભરતી એજન્સી જાહેરાતમાં વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત તથા અનુભવની જોગવાઈ દર્શાવશે. જો ભરતી નિયમોની નકલ મોકલવામાં કોઈ ક્ષતિ રહી જશે અને પાછળથી જાહેરાત સુધારવાની બાબત ઉદભવશે તો તેની જવાબદારી વિભાગના સંબંધિત અધિકારીશ્રી/સંબંધિત નિમણૂંક

www.shixan.in

સત્તાધિકારીની રહેશે. વધુમાં માંગણીપત્રકમાં દર્શાવેલ અનામત જગ્યાઓની ખરાઈ કરીને તેમજ ભરતી નિયમોની અદ્યતન નકલો માંગણીપત્રક સાથે સામેલ કરીને આ સાથે સામેલ કરેલ નમુના મુજબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૫. સચિવાલયના વિભાગો / ખાતાના વડાઓ / નિમણૂંકી સત્તાઓને આથી સુચના આપવામાં આવે છે કે, હવે પછી સુધારેલા માંગણીપત્રકનો ઉપયોગ કરવાનો રહેશે અને તે મુજબનું માંગણીપત્રક સંબંધિત ભરતી કરતી એજન્સીઓને મોકલી આપવાનું રહેશે. આયોગને મોકલવાનું માંગણીપત્રક સંબંધિત વિભાગના સંયુકત સચિવ / નાયબ સચિવની સહીથી મોકલવાનું રહેશે. જ્યારે અન્ય ભરતી એજન્સીને મોકલવાનું માંગણીપત્રક નિમણૂંક અધિકારીની સહીથી મોકલવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાજેશ એમ. રાવલ )
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

બિડાણઃ— માંગણીપત્રક અને પ્રમાણપત્રનો નમૂનો.

પ્રતિ,
રાજ્યપાલશ્રીનાં સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ.
સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ.
× પત્ર દ્વારા.

www.shixan.in

## પરિશિષ્ટ

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૯-૨૦૦૬ ના પરિપત્ર ક્રમાંકઃ પીએસસી-૧૦૮૪-૨૫૬-ગ.૨ નું બિડાણ.

...............................ની જગ્યા પર નિમણૂંક કરવા માટે ઉમેદવારોની ભરતી કરવા અંગેના ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય ભરતી એજન્સીને મોકલવાનો માંગણીપત્રકનો નમૂનો.

---

૧. (ક) જગ્યાનું નામ :
(ખ) વર્ગ અને સેવા :

૨. ભરવાની થતી ખાલી જગ્યાઓની સંખ્યા :
(ક) સંવર્ગનું સંખ્યાબળ :
(૧) કાયમી જગ્યાઓ :
(૨) હંગામી જગ્યાઓ :
(૩) કુલ જગ્યાઓ :

(ખ)ભરતી નિયમો મુજબ સીધી ભરતી અને બઢતીનું નિર્દિષ્ટ પ્રમાણ(રેશીયો) :

(ગ) સીધી ભરતીની જગ્યાઓ — કુલ બિનઅનામત સા.અને શૈ.પ.વર્ગ અ.જા. અ.જ.જા.
(૧) રેશિયો પ્રમાણે જગ્યાઓની સંખ્યા :
(૨) હાલ ભરાયેલ જગ્યાની સંખ્યા :
(૩) ભરવાપાત્ર ખાલી જગ્યાઓની સંખ્યા :
(૪) તે પૈકી માંગણીપત્રકમાં આવરી લીધેલ જગ્યાની સંખ્યા :
(૫) જો ભરવાપાત્ર જગ્યાઓ કરતાં ઓછી હોય તો તેના કારણો
(૬) જો તે જગ્યા બઢતીથી ભરવામાં આવેલ હોય તો તેની સંખ્યા-કારણો. :

(ઘ) બઢતીની જગ્યાઓ
(૧) રેશિયો પ્રમાણે જગ્યાની સંખ્યા :
(૨) હાલ ભરાયેલ જગ્યાની સંખ્યા :
(૩) રેશીયો કરતાં વધુ જગ્યા ભરાયેલ હોય તો તેની સંખ્યા અને કારણો :
(૪) ખાલી જગ્યાઓ હોય તો તેની સંખ્યા :

એમ-૪૧૯-૨

www.shixan.in

(ચ)(૧) આ જગ્યા પર હંગામી ધોરણે સીધી ભરતીથી/બઢતીથી નિમણૂંક આપેલ છે ? જો આપેલ હોય તો,

(અ) સીધી ભરતી/બઢતીથી નિમણૂંક આપેલ અધિકારીઓની સંખ્યા :

(બ) એક વર્ષ પૂરૂ થવાની તારીખ :

(૨) હંગામી નિમણૂંક આપેલ હોય તો સા.વ.વિ.ના તા.૧૪-૧૦-૯૩ ના પરિપત્ર ક્રમાંકઃ પીએસસી-૧૯૮૬-૧૩૪૨-ગ.૨ અને તા.૨૭-૮-૯૭ ના પરિપત્ર ક્રમાંકઃ પીએસસી-૧૯૮૬-૧૩૪૨-ગ.૨ અને પ્રવર્તમાન જોગવાઈ અંન્વયે આયોગનો પરામર્શ કરેલ છે ? :

(૩) આયોગનો પરામર્શ કરેલ ન હોય તો તેના કારણો. :

૩. (ક) ભરવાની થતી જગ્યાઓની સંખ્યા

| ક્રમ | સંબંધિત કક્ષા | કુલ જગ્યા | કુલ ઉમેદવારો પૈકી મહિલા ઉમેદવારથી ભરવાની જગ્યા |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| ૧. | બિનઅનામત | | |
| ૨. | સા. અને શૈ.પ.વર્ગ | | |
| ૩. | અનુસૂચિત જાતિ | | |
| ૪. | અનુસૂચિત જનજાતિ | | |
| | કુલઃ- | | |

(ખ) ઉપર કોલમ-૩(ક)માં દર્શાવેલ જગ્યાઓ પૈકી આગળ ખેંચવામાં આવેલ જગ્યાઓ : સા.શૈ.પ.વર્ગ અ.જા. અ.જ.જા.

(૧) પ્રથમ ભરતી વખતની જગ્યાઓ :

(૨) બીજી ભરતી વખતની જગ્યાઓ :

(૩) ત્રીજી ભરતી વખતની જગ્યાઓ :

(ગ) કોલમ નં.૩(ક)માં દર્શાવેલ કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિકો માટેની અનામત જગ્યાની સંખ્યા (સા.વ.વિ.નું તા.૪-૩-૭૫ નું જાહેરનામું ક્રમાંકઃજીએસ/૭૫-૬-આરઈએસ-૧૦૭૫-૧૦૬૦-ગ.૨) :

www.shixan.in

(ધ) ઉપર કોલમ–૩(ક)માં ભરવાપાત્ર કુલ જગ્યાઓ પૈકી નીચે દર્શાવેલ ખામીવાળા વિકલાંગો માટેની અનામત જગ્યાની સંખ્યા :

(૧) અંધત્વ અથવા ઓછી દૃષ્ટિની ખામીવાળા વિકલાંગો માટેની અનામત જગ્યાની સંખ્યા :

(૨) શ્રવણની ખામીવાળા વિકલાંગો માટેની અનામત જગ્યાની સંખ્યા :

(૩) હલનચલનની વિકલાંગતા અથવા મગજના લકવાની વિકલાંગતાવાળા માટેની અનામત જગ્યાની સંખ્યા :

જ્યાં ઉપર દર્શાવેલ પૈકી કોઈપણ એક, બે અથવા ત્રણ વિકલાંગતા માટે અનામતની જોગવાઈ કરવામાં આવી ન હોય ત્યાં વિકલાંગ (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને પુર્ણ ભાગીદારી)ધારો–૧૯૯૫ ની કલમ–૩૩ ની જોગવાઈમાંથી મુકિત આપવામાં આવી છે ? : હા / ના

જો હા, તો તે અંગેના હુકમની નકલ જોડવી : (સા.વ.વિ.નું તા.૧૯–૨–૨૦૦૦ નું જાહેરનામું ક્રમાંકઃજીએસ–૨૦૦૦–૪–સીઆરઆર–૧૦૯૪–૧૬૫૪–ગ.૨ તેમજ તા.૧૫–૧૨–૦૧ ના પરિપત્ર ક્રમાંકઃ સીઆરઆર–૧૦૨૦૦૦–જીઓઆઈ–૭–ગ.૨(પાર્ટ–૧)

(ચ) ઉપર કોલમ–૩(ધ) પૈકી કોઈપણ કેટેગરીની જગ્યા અનામત ના હોય અને સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૫–૧–૬૫ ના વખતોવખત સુધારેલ– ઠરાવ ક્રમાંકઃ– સીઆરઆર/ ૧૦૬૩/ ૬૧૩૨/ગ, મુજબ ઉપલી વય–મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર હોય તો આ ત્રણ પૈકી કઈ કક્ષાના ઉમેદવારોને ઉપલી વય–મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે ? :

(છ) વિકલાંગો માટેની અનામત જગ્યા ઉપર લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો આવી જગ્યા આગળ ખેંચવાની રહેશે કે કેમ ? : હા / ના

www.shixan.in

(જ) માજી સૈનિકો માટેની અનામત જગ્યાઓ ઉપર લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો આવી જગ્યા આગળ ખેંચવાની રહેશે કે અન્ય ઉમેદવારથી ભરી શકાશે ? :

૪. જગા સાથે સંકળાયેલ ફરજો અને જવાબ-દારીઓની વિગતવાર નોંધ :

૫. પગાર ધોરણ :

૬. જગાના ભરતી નિયમો જે હુકમથી બહાર પાડવામાં આવ્યા હોય તેના જાહેરનામા નંબર અને તારીખ (નકલ બીડવી) ( ગુજરાતી / અંગ્રેજી ) :

૭. પ્રતિક્ષાયાદી ઉપર જો નામ હોય તો નામ નહિ મંગાવવાના કારણો. :

૮. રૂબરૂ મુલાકાત વખતે ઉપસ્થિત રહેનાર સરકારના પ્રતિનિધિ :

(ક)૧. નામ :

૨. હોદો :

૩. લાયકાતો :

૪. અનુભવ :

(ખ)૧. કચેરીનું સરનામું(ફોન નંબર સહિત) :

૨. રહેઠાણનું સરનામું(ફોન નંબર સહિત) :

૯. ઉપર ન દર્શાવી હોય તેવી નોકરીની અન્ય શરતો જો હોય તો :

( )
માંગણીપત્રક મોકલનાર અધિકારીની સહી,
નામ, હોદો અને કચેરીનું સરનામું

www.shixan.in

(સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩–૯–૨૦૦૬ ના પરિપત્ર ક્રમાંકઃ
પીએસસી–૧૦૮૪–૨૫૬–ગ.૨ સાથેનું બિડાણ.)

## પ્ર મા ણ પ ત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, માંગણીપત્રકમાં દર્શાવેલ જગ્યાઓ ભરતી નિયમોની સીધી ભરતી માટેની જોગવાઈને અનુરૂપ છે. અનુ.જા., અનુ.જ.જા. તેમજ સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ માટેની જગ્યાઓ પ્રવર્તમાન નિયમોને અનુરૂપ છે અને એકંદરે ભરવાની થતી જગ્યાઓ કુલ ભરવાની જગ્યાની સંખ્યાના ૫૦ ટકાથી વધતી નથી.

૨. આથી પ્રમાણિત કરવામાં આવેલ છે કે, માંગણીપત્રકમાં દર્શાવેલ મહિલાઓ, માજી સૈનિકો અને વિકલાંગો માટેની જગ્યાઓ સંલંઘિત નિયમોની જોગવાઈ મુજબ બરાબર છે.

૩. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે આ સાથે જોડેલ ભરતી નિયમોની નકલમાં છેલ્લામાં છેલ્લા થયેલ બધા સુધારાનો સમાવેશ થાય છે. તદઅનુસારની જોગવાઈ તથા સરકારશ્રીના સામાન્ય ભરતી નિયમો અને વખતો વખતની સુચનાઓ અનુસાર જાહેરાત આપવાની રહેશે.

સ્થળ: સહી :

તારીખ: નામ :

હોદો :

સિક્કો :

નોંધઃ– ગુજરાત જાહેર સેવા આયોગને મોકલવાના થતા માંગણીપત્રક સાથે આ પ્રમાણપત્ર વિભાગના સચિવશ્રીથી નીચેના અધિકારીએ પ્રમાણિત કરવું નહિ.

જ્યારે અન્ય ભરતી એજન્સીઓને મોકલવાના થતા માંગણીપત્રક સાથે આ પ્રમાણપત્ર નિમણૂંક અધિકારીએ પ્રમાણિત કરવાનું રહેશે.

---

એસ્ય–૪૧૯–૩

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

www.shixan.in

સચિવાલયના વિભાગો તેમજ તાબાની તમામ કચેરીઓ માટે આવતા દસ વર્ષને લક્ષમાં લઈને મેનપાવર પ્લાનિંગ સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૨૧૮૯-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૯-૧૦-૨૦૦૬.

વંચાણે લીધો:-(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૩/૧૨/૦૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૩/૦૮/૦૬ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

ઠ રા વ:-

આગામી દસ વર્ષને ધ્યાનમાં રાખીને સચિવાલયના વિભાગો, ખાતાના વડાઓની કચેરીઓ તથા તાબાની તમામ કચેરીઓમાં મેનપાવર પ્લાનિંગ કરવા માટે યોગ્ય ભલામણો કરવા માટે ઉપર વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૧૨/૦૫ ના ઠરાવથી શ્રી વી.આર.એસ.કૌલજી(નિવૃત્ત આઈ.એ.એસ.)ના અધ્યક્ષપણા હેઠળ સમિતિની રચના કરવામાં આવી છે.

સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓની કચેરીના કામકાજના સંદર્ભમાં સમિતિની ભલામણો મેળવવા ઉપર વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૮-૦૬ ના ઠરાવથી ઉકત સમિતિની મુદત તા.૩૦-૦૯-૨૦૦૬ સુધી લંબાવવામાં આવી હતી.

૨. ખાતાના વડાની કચેરીઓ, જુદી જુદી ક્ષેત્રીય કચેરીઓ અને સરકાર હસ્તકના કેટલાક બોર્ડ/કોર્પોરેશનો માટે 'મેન પાવર પ્લાનીંગ' કરવા માટે ભલામણો મેળવવા માટે સમિતિની મુદત વધુ સમય માટે લંબાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે આ સમિતિની મુદતતા.૧-૧૦-૦૬ થી તા.૩૧/૦૩/૨૦૦૭ સુધી લંબાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

૪. આ હુકમો સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૭-૧૦-૦૬ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન. સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સમિતિના તમામ સભ્યશ્રીઓ.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
સચિવાલયના તમામ વિભાગોના સચિવશ્રીઓ.
સર્વે ખાતાના વડાઓ.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.
× પત્ર ધ્વારા.

www.shixan.in

વર્ગ-૧ અને તેની ઉપલી કક્ષાની જગ્યાઓ ઉપર બઢતી માટે પસંદગી યાદીઓ તૈયાર કરવા ગુજરાત જાહેર સેવા આયોગ અને સરકારનું સંયુકત પ્રતિનિધિત્વ ધરાવતી સંયુકત પસંદગી સમિતિ રદ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃએસએલટી-૧૦૮૭-૭૪૫-ગ.૨
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૧/૧૦/૨૦૦૬

વંચાણે લીધા : સા.વ.વિ.નો તા.૧૮/૪/૯૫નો ઠરાવ ક્રમાંકઃએસએલટી/૧૦૮૭/૭૪૫/ગ.૨

## ઠરાવ

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮/૪/૯૫ના ઠરાવ ક્રમાંકઃએસએલટી-૧૦૮૭-૭૪૫-ગ.૨ સાથે પત્રકમાં દર્શાવેલ રાજપત્રિત વર્ગ-૧ અને તેથી ઉપલી કક્ષાની દશ કે તેથી વધુ જુદી જુદી જગ્યાઓ પર બઢતી માટે ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષના અધ્યક્ષપદે સંયુકત પસંદગી સમિતિની રચના કરવામાં આવી હતી.

ઉપરોકત સમિતિની રચના થકી વર્ગ-૧ની જુદી જુદી જગ્યાઓ માટે બઢતીને લાયક અધિકારીઓની પસંદગી યાદી તૈયાર કરવામાં અને બઢતીઓમાં થતો વિલંબ નિવારવાનો સરકારનો આશય હતો. પરંતુ અનુભવે એવું જણાયું છે કે, સંયુકત પસંદગી સમિતિની બેઠક બોલાવતાં પૂર્વે સરકાર કક્ષાએ અને આયોગ કક્ષાએ અધિકારીઓના ખાનગી અહેવાલોની ચકાસણી કરવામાં તથા સરકાર કક્ષાએથી આયોગને કરવામાં આવતી દરખાસ્તોમાં કેટલાંક મુદ્દાઓ પરત્વે અપૂરતી માહિતીને કારણે સંયુકત પસંદગી સમિતિની બેઠક નકકી કરતાં પહેલાં આયોગ અને સરકાર સાથે પત્રવ્યવહારમાં લાંબો સમય જાય છે. તેમજ સંયુકત પસંદગી સમિતિનું કાર્યક્ષેત્રવર્ગ-૧ની અમુક જગ્યાઓ પૂરતું જ મર્યાદિત હોવાથી સંયુકત પસંદગી સમિતિની પ્રક્રિયા પણ અંશતઃ રૂપે જ અમલમાં છે. આ તમામ મુદ્દાઓ ધ્યાનમાં રાખીને કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજ્ય સરકાર સંયુકત પસંદગી સમિતિની પ્રથા બંધ કરી વર્ગ-૧ની ઉપલી જગ્યાઓ માટે સંયુકત પસંદગી સમિતિની રચનાની કાર્યવાહી બાબતનો સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૮/૪/૯૫નો ઠરાવ આથી રદ કરવાનું ઠરાવે છે.

ઉપરોકત જુદી જુદી જગ્યા માટે સંયુકત પસંદગી સમિતિ રદ થતાં હવે વર્ગ-૧ અને તેની ઉપલી કક્ષાની જગ્યાઓ પર બઢતીઓ માટે પસંદગી યાદી તૈયાર કરવા માટે સચિવાલયના વિભાગો હેઠળ જે તે જગ્યાઓ માટે ખાતાકીય બઢતી સમિતિની ભલામણો મેળવવાની રહેશે અને જે તે સમિતિની ભલામણો અન્વયે સરકારશ્રીની મંજૂરી મેળવ્યા બાદ તે પસંદગી યાદીઓ ગુજરાત જાહેર સેવા આયોગને પરામર્શ



www.shixan.in

માટે રજૂ કરવાની રહેશે. આયોગના પરામર્શ બાદ પસંદગી યાદી પરની ભલામણ અન્વયે આગળની યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એન.સોલંકી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર,
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર,
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર,

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર,
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ,
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,

સચિવાલયના તમામ વિભાગો,
સર્વે ખાતાના વડાઓ,
સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ
<u>પસંદગીની ફાઈલ.</u>

- પત્ર દ્વારા

www.shixan.in

પસંદગી યાદી બનાવવાના માર્ગદર્શક સિધ્ધાંતો
વર્ગ–૧ની નીચલી કક્ષાની જગ્યા પરથી વર્ગ–૧ની ઉપલી કક્ષાની જગ્યાઓ માટે પસંદગી યાદીઓ તૈયાર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક:સીઆરઆર/૧૦૨૦૦૫/૧૦૦૮/ગ.૨
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૧/૧૦/૨૦૦૬

વંચાણે લીધા : (૧) સામાન્ય વહીવટ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૯/૧૦/૨૦૦૫નો પરિપત્ર.

**પરિપત્ર**

વર્ગ–૧ની પ્રથમ તબકકાંની જગ્યા ઉપરથી વર્ગ–૧ની બીજા તબકકાની જગ્યા પર બઢતી અને વર્ગ–૧ની બીજા તબકકાની જગ્યા પરથી ઉપલી જગ્યાઓ પર બઢતી આપવાની વિચારણા કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાને લેવી તે અંગેના માપદંડો સામાન્ય વહીવટ વિભાગના વંચાણમાં લીધેલા તા.૨૯/૧૦/૨૦૦૫ના પરિપત્રથી નકકી કરવામાં આવ્યા છે.

વંચાણમાં લીધેલા તા.૨૯/૧૦/૦૫ના પરિપત્રના મુદ્દા–૨ (બ) (૪)થી નીચે મુજબની જોગવાઈ કરવામાં આવી છે.

"વિચારણાના ક્ષેત્રમાંના અધિકારીને 'ઉત્તમ' (Outstanding) અથવા 'ઘણા સારા' (very good) તરીકે વર્ગીકૃત કરતી વખતે તેમના ખાનગી અહેવાલમાં 'એકંદર મૂલ્યાંકન'ના કોલમમાં 'ઘણું સારૂં' (very good) કે 'ઉત્તમ' (Outstanding) ગ્રેડીંગ અપાયેલ હોય માત્ર તે કારણસર તેને 'ઘણા સારા' (very good) કે 'ઉત્તમ' (Outstanding) અધિકારી તરીકે વર્ગીકૃત કરવામાં નહી આવે. પરંતુ અધિકારીના જે તે વર્ષના ખાનગી અહેવાલમાં તેનું 'એકંદર મૂલ્યાંકન' ખાનગી અહેવાલના અન્ય કોલમોમાં જે મૂલ્યાંકન કરવામાં આવ્યું હોય તે મૂલ્યાંકન સાથે સુસંગત હોવું જોઈશે અને જો તે મુજબની સુસંગતતા હોય તો જ તે અધિકારીને 'ઘણા સારા' (very good) કે 'ઉત્તમ' (Outstanding) કક્ષાના અધિકારી તરીકે વર્ગીકૃત કરવાના રહેશે.'

ઉપરોકત જોગવાઈના અનુસંધાને કર્મચારી/અધિકારીના ખાનગી અહેવાલો લખવા / ખાનગી અહેવાલોની સમીક્ષા કરવા અંગે વિસ્તૃત માર્ગદર્શક સુચનાઓ પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની

..૨..

Gazette immediately and to furnish 500 copies of it to this department.

www.shixan.in

વિચારણા હેઠળ છે. આવી સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે તે દરમ્યાન વર્ગ–૧ની દ્રિતિય કક્ષાની જગ્યા પર અધિકારીઓને બઢતી માટેની પસંદગીયાદી તૈયાર કરવા અને વર્ગ–૧ની દ્રિતિય કક્ષાની ઉપરની વર્ગ–૧ની જગ્યાઓ પર "પસંદગીના સિધ્ધાંતો" પ્રમાણે પસંદગી યાદી તૈયાર કરતી વખતે બઢતી માટે વિચારણા હેઠળના અધિકારીઓના ખાનગી અહેવાલોને ધ્યાને લઈ, અધિકારીની યોગ્યતા/અયોગ્યતા નક્કી કરવા માટે પસંદગી સમિતિ ધ્વારા નીચે મુજબના માપદંડ અપનાવવાનું આથી જણાવવામાં આવે છે.

" બઢતી માટે વિચારણાપાત્ર અધિકારીના ખાનગી અહેવાલમાં સમીક્ષક અધિકારી ધ્વારા જે એકંદર મૂલ્યાંકન કરવામાં આવ્યું હોય તેને લક્ષમાં લઈને બઢતી માટેની વિચારણા હેઠળના અધિકારીઓને 'ઉત્તમ' (Outstanding) કે "ઘણા સારા" (Very good) કે 'સારા' (Good) કે 'અયોગ્ય' (unfit) એ પ્રકારે જે તે ગુણકક્ષામાં વર્ગીકૃત કરવાના રહેશે. "

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આંઈ.એન.સોલંકી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર,
માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર,
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર,

સચિવાલયના તમામ વિભાગો,
સર્વે ખાતાના વડાઓ,
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/અધિકારીઓ,
પસંદગીની ફાઈલ.
- પત્ર ધ્વારા

www.shixan.in

# NOTIFICATION
## General Administration Department,
## Sachivalaya, Gandhinagar.
## Dated the 11th October, 2006.

**CONSTITUTION OF INDIA**

No.GS/33/2006/SLT/1087/745/G-2: In exercise of the powers conferred by the proviso to clause (3) of the article 320 of the Constitution of India, the Governor of Gujarat hereby makes the following regulations further to amend the Gujarat Public Service Commission (Exemption from Consultation) Regulations, 1960, namely:-

1. These regulations may be called the Gujarat Public Service Commission (Exemption from Consultation) (Amendment) Regulations, 2006.

2. In the Gujarat Public Service Commission (Exemption from Consultation) Regulations, 1960, regulation 8A shall be deleted.

By order and in the name of the Governor of Gujarat,

( I. N. Solanki )
Deputy Secretary to Government.

To
The Principal Secretary to the Governor of Gujarat, Rajbhavan, Gandhinagar.
The Principal Secretary to the Chief Minister.
The Personal Secretaries to all Ministers / Ministers of State / Deputy Ministers.
- The Secretary, Gujarat Public Service Commission, Ahmedabad.
- The Personal Secretary to the Leader of Opposition, Gujarat Legislative Assembly, Gandhinagar.
- The Secretary, Gujarat Legislative Assembly, Gandhinagar.
- The Secretary, Gujarat Civil Services Tribunal, Gandhinagar.
- The Registrar, Gujarat high Court, Ahmedabad.
- The Secretary, Gujarat Panchyat Services Selection Board, Ahmedabad.
- The Secretary, Gujarat Subordinate Services Selection Board, Gandhinagar.

All Secretariat Departments / All Heads of Departments.
All Branches / Officers of the General Administration Department.
The Accountant General, Ahmedabad / Rajkot.
The Pay and Accounts Officer, Ahmedabad / Gandhinagar.
The Manager, Government Central Press, Gandhinagar
– With a request to publish this notification in the Government Gazette immediately and to furnish 500 copies of it to this department.

---

- By letter

D:\data\BRANCHES\G-2\2006\SLT1087745.doc

www.shixan.in

## જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ ૧૧/૧૦/૨૦૦૬

ભારતનું સંવિધાન.

**ક્રમાંક : જીએસ/૭૩/૨૦૦૬/એસએલટી-૧૦૮૭-૭૪૫-ગ.૨:-** ભારતના સંવિધાનની કલમ ૩૨૦ના ખંડ (૩)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજયપાલ, આથી, ગુજરાત રાજય સેવા આયોગ (વિચારવિનિમયમાંથી મુકિત) વિનિયમો, ૧૯૬૦ વધુ સુધારવા નીચેના વિનિયમો કરે છેઃ-

૧. આ વિનિયમો ગુજરાત રાજય સેવા આયોગ (વિચારવિનિમયમાંથી મુકિત) (સુધારા) વિનિયમો, ૨૦૦૬ કહેવાશે.

૨. ગુજરાત રાજય સેવા આયોગ (વિચારવિનિમયમાંથી મુકિત) વિનિયમો, ૧૯૬૦માં, વિનિયમ ૮(ક) કમી કરવો.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

આઇ. એન. સોલંકી,
સરકારના નાયબ સચિવ.



www.shixan.in

નિયમિત ભરતીમાં છૂટછાટ મુકીને વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ–સીઆરઆર/૧૦૨૦૦૪/સીએમ–૧૪/ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૫/૧૨/૨૦૦૬.

વંચાણે લીધાઃ–

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તારીખઃ૨૫–૨–૮૦ નો સરકારી ઠરાવ ક્રમાંકઃ–સીઆરઆર–૧૦૭૭–૨૬૬૦–ગ.૨,
(૨) સા.વ.વિભાગનો તા.૧૦–૫–૮૨ નો ઠરાવ ક્રમાંકઃસીઆરઆર–૧૧૮૨–૧૧–ગ.૨,
(૩) સા.વ.વિભાગનો તા.૧–૮–૯૦ નો ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર–૧૧૮૮–૩૬૪૪–ગ.૨,
(૪) સા.વ.વિભાગનો તા.૧૮–૪–૦૧ નો ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર–૧૦૯૯–યુઓ–૪૧૧–ગ.૨,
(૫) સા.વ.વિભાગનો તા.૧૧–૧૦–૦૫નો પરિપત્ર ક્રમાંકઃ સીઆરઆર–૧૦૨૦૦૫–યુઓ–૧૨૭૭–ગ.૨,

ઠ રા વઃ–

ઉપર વંચાણે લીધેલાં સામાન્ય વહીવટ વિભાગનાં ઠરાવો અને પરિપત્રોથી વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓની ભરતીમાં ગુણવત્તા ધરાવતા ખેલાડીઓને નિમણૂંક માટે કેટલીક છૂટછાટો આપવામાં આવેલ છે. તદનુસાર સામાન્ય વહીવટ વિભાગના તા.૧–૮–૯૦ ના ઠરાવ મુજબ સ્પર્ધાત્મક પરીક્ષા સિવાય માન્ય પદ્ધતિથી ભરવામાં આવતી વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓ ઉપર સીધી ભરતીમાં ગુણવત્તા ધરાવતા રમતવીરોને તેમની ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ આપવાની જોગવાઈ છે. પોલીસ ખાતાની તેમજ વન વિભાગ હેઠળની વર્ગ–૩ અને વર્ગ–૪ ની એવી જગ્યાઓ કે જે પર પસંદ થવા માટે ઉમેદવારે નિયત શારીરિક યોગ્યતા કસોટી પાસ કરવી ફરજિયાત હોય તેવી જગ્યાઓની સીધી ભરતીમાં પણ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે પોલીસ ખાતા હેઠળ તેમજ વન વિભાગ હેઠળની વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓ ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષાના પરીણામ

P.T.O.

www.shixan.in

અને/અથવા માત્ર તેમની મૌખિક કસોટીથી ભરાતી હોય તેમજ શારીરિક યોગ્યતા કસોટી પાસ કરવી એ પસંદગીના એક ભાગ તરીકે ફરજિયાત નિયત થયેલ હોય તેવી જગ્યાઓ પરની ભરતીમાં પણ ગુણવત્તા ધરાવતા રમતવીરોની ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. ઉપર વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવો/પરિપત્રોની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન. સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ.

નકલ રવાના
પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, જૂનું સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, અમદાવાદ.

- સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો,
- સર્વે ખાતાના વડાઓ / તમામ કચેરીઓના વડાઓ.
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/ અધિકારીઓ.
- <u>પસંદગીની ફાઈલ-ગ.ર શાખા.</u>

× પત્ર ધ્વારા.

www.shixan.in